RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 8 * Issue No. 231* Date: 18.06.2022 Saturday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

## બિહારમાં નાયબ મુખ્યમંત્રી તથા ભાજપ પ્રદેશ અધ્યક્ષના ઘર પર હુમલા

# અગ્નિપથ સામે વિરોધ યથાવત :પટણા સહિત ૨૨ જિલ્લામાં હિંસક પ્રદર્શન

પટણા,તા.૧૭

અગ્નિપથ યોજનાને લઈને યુવાનો દ્વારા વિરોધ પ્રદર્શન આજે શુક્રવારે પણ ચાલુ રાખવામાં આવ્યું હતું. આજે સવારે બિહારના સમસ્તીપુર અને લખીસરાયમાં યુવકોએ ટ્રેનોમાં આગ લગાવી દીધી હતી. યુવાનોના ટોળાએ અનેક એસી કોચને આગ ચાંપી દીધી હતી. જયારે ઉત્તર પ્રદેશના બલિયા રેલવે સ્ટેશન પર યુવાનોએ તોડફોડ કરી હતી. ગઈકાલે પણ અગ્નિપથ યોજના સામે અનેક રાજયોના યુવાનોમાં ઉકળાટ જોવા મળ્યો હતો. ઘણી જગ્યાએ આગચંપી થઈ, રેલ અને રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા હતા. આ યોજનાના વિરોધમાં ઉત્તર પ્રદેશના બલિયામાં યુવાનો રસ્તા પર ઉતરી આવ્યા હતા. બીજી તરફ કેન્દ્ર સરકારની આ નવી યોજનાએ રાજકીય પક્ષોનો વિરોધ પણ શરૂ કરી દીધો છે. પોતાના બચાવમાં યુપીના મંત્રી સ્વતંત્ર દેવ સિંહે કહ્યું કે વિપક્ષે પહેલા ખેડૂતોને ભડકાવ્યા અને હવે તે યુવકોને ભડકાવી રહ્યા છે



બિહિયા રેલવે સ્ટેશન પર યુવકોએ ઉગ્ર વિરોધ કર્યો અને રેલવે ટ્રેક જામ કરી દીધો. વિદ્યાર્થીઓ અપ-ડાઉન લાઈન પર બેસીનેઆ યોજના વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરી રહ્યા હતા, અને વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલા હંગામાને કારણે અનેક ટ્રેનો ખોરવાઈ ગઈ હોવાની માહિતી મળી હતી.બક્સરમાં આજે સવારે યુવકો ડુમરાવ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા અને હોબાળો મચાવ્યો હતો. ટોળાએ રેલવે ટ્રેક પર ટાયરો સળગાવી વિરોધ નોંધાવ્યો હતો. યુવાનોના વિરોધને ધ્યાનમાં રાખીને ડુમરાવ સ્ટેશનના આગામી અને અગાઉના રેલવે સ્ટેશન પર અનેક ટ્રેનો બંધ કરીદેવામાં આવી છે. આ સમય દરમિયાન યુવાનોએ કહ્યું કે કેન્દ્ર સરકારે આ યોજના પાછી ખેંચી લેવી જોઈએ. ખગડિયા જિલ્લામાં યુવાનોએ રસ્તો અને રેલવે માર્ગને બ્લોક કરી દીધો હતો. યુવાનો ખગડિયા રેલ્વે સ્ટેશન પહોંચ્યા હતા અને કોસી એક્સપ્રેસ ટ્રેનને અટકાવી હતી. ઘણી ટ્રેનોને અસર થઈ છે. વિરોધને કારણે માનસી-સહરસા અને માનસી-કટિહાર રેલવિભાગ ખોરવાઈ ગયા છે.

યુવકોએ સમસ્તીપુરમાં બિહાર સંપર્ક ક્રાંતિ એક્સપ્રેસ ટ્રેનને રોકીને ટ્રેન પર પથ્થરમારો કર્યો હતો. બીજી તરફ ઉત્તરપ્રદેશના ફિરોઝાબાદમાં યુવકો દ્વારા બસોમાં તોડફોડ કરવામાં આવી હતી અને પોલીસ ઘટના સ્થળે હાજર છે. ફિરોઝાબાદ જિલ્લાના મઠસેનામાં સવારે પાંચ વાગ્યાની આસપાસ આગ્રા-લખનઉ એક્સપ્રેસ વે પર યુવકોએ કેટલીક બસોમાં તોડફોડ કરી હતી.

અગ્નિપથ યોજનાના વિરોધમાં ટ્રેનોને નુકસાન પહોંચાડવા સાથે શરૂ થયેલું વિરોધ પ્રદર્શન હવે રાજનેતાઓના ઘરના ઉંબરા સુધી પહોંચી ગયું છે. સેના ભરતી યોજનાના વિરોધના નામે થઈ રહેલા આંદોલનમાં નિર્દોષ લોકોને નિશાન બનાવવામાં આવી રહ્યા છે. ટ્રેનમાં પથ્થરમારો અને આગચંપી ઉપરાંત લોકોની લૂટફાટ પણ થઈ રહી છે.આમ છતાં તંત્ર મુકદર્શક બની રહી છે.આ યોજનાનો વિરોધ કરી રહેલા દેખાવકારોએ બિહારના નાયબ મુખ્યમંત્રી રેણુ દેવીના ઘર પર હુમલો કર્યો છે. તેમના પુત્રએ કહ્યું કે બેતિયામાં અમારા ઘર પર હુમલો થયો. હુમલાના કારણે ખુબ નુકસાન થયું. હાલ તેઓ (રેણુ દેવી) પટણામાં છે.

રાંચીમાં અગ્નિપથ યોજના વિરુદ્ધ સેના ભરતી કાર્યાલય બહાર વિરોધ પ્રદર્શન થયું છે. કેન્દ્ર સરકાર દ્વારા સશસ્ત્રદળોમાં ભરતી માટે જાહેર કરાયેલી અગ્નિપથ યોજના વિરુદ્ધ સેનામાં ભરતીની આશા સેવતા યુવાઓએ રાંચીના મેઈન રોડ સ્થિત સેના ભરતી કાર્યાલય સામે પ્રદર્શન કર્યું છે. આ યોજનાના વિરોધમાં મધ્ય પ્રદેશના શહેરોમાં પણ ભારે વિરોધ પ્રદર્શન કરાયું છે. રાજસ્થાનના ભરતપુરમાં આંદોલનકારીઓએ રેલવે ટ્રેક ઉઘાડી નાખ્યા છે. યુવાનોનું આ આંદોલન વધુને વધુ ઉગ્ર બનતું જાય છે અને ઉમેદવારો આંદોલનની આડમાં લૂંટ મચાવવા પર ઉતરી આવ્યા છે. સાથે સાથે હૈદરાબાદમાં પોલીસના ગોળીબારમાં એક દેખાવકારના મૃત્યુના સમાચાર પણ આવ્યા છે.

દરમિયાન રક્ષા મંત્રી રાજનાથ સિંહે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓને હોબાળો ન કરવાની અપીલ કરી છે. તેમણે કહ્યું- બે વર્ષથી સેનામાં ભરતીની તક મળી નહતી. જેના કારણે ભરતી પ્રક્રિયા અટકી પડી છે. આ વિચારીને સરકારે હાલમાં જ અગ્નિવીરોની ભરતી કરવા માટે વય મર્યાદામાં બે વર્ષનો વધારો કરવામાં આવ્યો છે. રાજનાથ સિંહે યુવાનોને અપીલ કરતા કહ્યું હતુ કે વિરોધ ન કરો અને ભરતીની તૈયારી કરો.કેન્દ્ર સરકારે અગ્નિપથ યોજના હેઠળ ભરતી માટે ઉપલી વય મર્યાદા ૨૧ વર્ષથી વધારીને ૨૩ વર્ષ કરવાની જાહેરાત કરી છે. જોકે આ છૂટ આ વર્ષ માટે જ લાગુ થશે.

### વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી વડોદરાને મોટી ભેટ આપશે

## ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના નવા કેમ્પસના ભૂમિપૂજન સાથે પાણી વિતરણના વિવિધ પ્રોજેક્ટનું લોકાર્પણ કરશે

વડોદરા,તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલે તેમની ગુજરાત મુલાકાતે આવી રહ્યા છે. આ દરમિયાન તેઓ વડોદરાને કેન્દ્રીય યુનિવર્સિટીના રૂપમાં મોટી ભેટ આપવા જઈ રહ્યા છે. જેના નવા કેમ્પસનું આવતીકાલે વડાપ્રધાનશ્રી ભૂમિપૂજન કરશે. તેમની મુલાકાત દરમિયાન,પીએમ પાણી વિતરણ સંબંધિત અનેક વિકાસ યોજનાઓનું ઉદ્ઘાટન અને ભૂમિપૂજન પણ કરશે. મહત્વપૂર્ણ વાત એ છે કે, છેલ્લા બે મહિનામાં વડાપ્રધાનની આ ચોથી ગુજરાત મુલાકાત હશે, જયાં તેઓ વિકાસના વિવિધ પ્રોજેક્ટ્સ જનતાને સમર્પિત કરશે. નવા કેમ્પસમાં એકસાથે ૨૫૦૦ વિદ્યાર્થીઓ શિક્ષણ લઈ શકશે ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં આવેલી સેન્ટ્રલ યુનિવર્સિટીનું નવું કેમ્પસ વડોદરા નજીક ડભોઈ તાલુકાના કુંઢેલા ગામમાં રૂપિયા ૭૪૩ કરોડના ખર્ચે બનાવવામાં આવશે. રાજ્ય સરકારે આ પ્રોજેક્ટ માટે ૧૦૦ એકર જમીન ફાળવી છે.

રાજયની શિક્ષણ વ્યવસ્થામાં ગુજરાત સરકારના પ્રયાસો તેમજ આ પ્રોજેક્ટ વિશે વાત કરતા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું કે, પ્રાથમિક શિક્ષણથી લઈને ઉચ્ચ શિક્ષણ સુધી, ટેકનિકલ શિક્ષણથી લઈને સેક્ટર સ્પેસિફિક એજ્યુકેશન સેક્ટર સુધી, વડાપ્રધાનશ્રીએ શિક્ષણનો ૩૬૦ ડિગ્રી વિકાસ કર્યો છે. થોડા મહિના પહેલા જ વડાપ્રધાનશ્રી એ રક્ષાશક્તિ યુનિવર્સિટી અને ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીને રાષ્ટ્રીય દરજજો આપીને ગુજરાતને મોટી ભેટ આપી હતી.

સેન્ટ્રલ યુનિવર્સિટીનું આ નવું કેમ્પસ આપણી નવી યુવા પેઢી માટે ગુણવત્તાયુક્ત શિક્ષણની ખાતરી તો આપશે જ, સાથે તે તેમને રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે વિશાળ તકો પણ પ્રદાન કરશે.'' ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર ડો. રમાશંકર દુબેએ આ પ્રોજેક્ટ વિશે વાત કરતા જણાવ્યું કે, "ગુજરાત સેન્ટ્રલ યુનિવર્સિટીનું આ નવું કેમ્પસ સંપૂર્ણપણે રહેણાંક, ગ્રીન કેમ્પસ અને આધુનિક સુવિધાઓથી સજ્જ હશે, જયાં અઢી હજાર વિદ્યાર્થીઓ એકસાથે અભ્યાસ કરી શકશે. યુનિવર્સિટીના નવા કેમ્પસનો મુખ્ય દરવાજો ગુજરાત રાજયની સમૃદ્ધ સંસ્કૃતિના પ્રતિક સમાન છે. આ પ્રોજેક્ટનો પ્રથમ તબક્કો ડિસેમ્બર ૨૦૨૩માં પૂર્ણ થશે.''

## સ્વિસ બેંકોમાં ભારતીયોના નાણામાં ધરખમ વધારો, છેલ્લા ૧૪ વર્ષના ઉચ્ચ સ્તરે આંકડો પહોંચ્યો

નવીદિલ્હી,તા.૧૭

સ્વિટ્ઝર્લેન્ડની સેન્ટ્રલ બેંક દ્વારા જાહેર કરવામાં આવેલા વાર્ષિક આંકડા અનુસાર, વર્ષ ૨૦૨૧માં ભારતીય કંપનીઓ અને વ્યક્તિઓ દ્વારા જમા કરવામાં આવેલી રકમ આ વર્ષે ૫૦ ટકા વધીને ૩૦,૫૦૦ કરોડ રૂપિયા થઈ ગઈ છે. આ જમા રકમ છેલ્લા ૧૪ વર્ષમાં સૌથી વધુ છે. વર્ષ ૨૦૨૦માં આ આંકડો ૨૦,૭૦૦ કરોડ રૂપિયા હતો. સતત બીજા વર્ષે ડિપોઝિટમાં વધારો જોવા મળ્યો છે. તેમાં સિક્યોરિટીઝ અને અન્ય સમાન સાધનો સાથેની થાપણોનો પણ સમાવેશ થાય છે. ડેટા અનુસાર ભારતીયોના બચત અને ચાલુ ખાતામાં જમા રકમ રૂ. ૪,૮૦૦ કરોડની સાત વર્ષની ઊંચી સપાટીએ પહોંચી ગઈ છે. જોકે શરૂઆતના બે વર્ષ સુધી તેમાં ઘટાડો થતો રહ્યો હતો. સ્વિસ નેશનલ બેંકે જણાવ્યું છે કે ૨૦૨૧ ના અંત સુધીમાં ભારતીય ગ્રાહકો પર ૩૦,૮૩૯ કરોડ રૂપિયા (૩૮૩૧ કરોડ સ્વિસ ચલણ-સીએચએફ) ની જવાબદારીઓ હતી. જેમાં ખાતામાં ૪,૮૦૦ કરોડ રૂપિયા જમા થયા છે. ૨૦૨૦માં તે ૪,૦૦૦ કરોડ રૂપિયા હતી. અન્ય બેંકો દ્વારા રૂ. ૯,૭૬૦ કરોડ જમા કરવામાં આવ્યા હતા, જે ૨૦૨૦માં રૂ. ૩,૦૬૪ કરોડ હતા. ટ્રસ્ટ દ્વારા ૨.૪૦ કરોડ જમા કરવામાં આવ્યા હતા.

બેંકે કહ્યું કે મહત્તમ રકમ બોન્ડ્સ, સિક્યોરિટીઝ અને અન્ય સાધનો દ્વારા જમા કરવામાં આવે છે, જે લગભગ ૧૬,૦૦૦ કરોડ રૂપિયા છે. ૨૦૦૬માં અહીં ભારતીયોની સૌથી વધુ રકમ જમા થઈ હતી, જે ૫૨,૦૦૦ કરોડ રૂપિયાની નજીક હતી. જે બાદ તેમાં ઘટાડો થયો હતો. જોકે, ૨૦૧૧, ૨૦૧૩, ૨૦૧૭, ૨૦૨૦ અને ૨૦૨૧માં તેમાં વધારો જોવા મળ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૯ અને ૨૦૨૦માં ચારેય ઘટકોમાં ઘટાડો થયો હતો. જ્યારે ૨૦૨૧માં તમામમાં વધારો થયો હતો.

## વડાપ્રધાન સમજી શકતા નથી કે દેશની જનતા શું ઈચ્છે છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી,તા.૧૭


દેશમાં અગ્નિપથ યોજનાના વિરોધ વચ્ચે કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ શુક્રવારે વડાપ્રધાન મોદી પર પ્રહારો કર્યા હતા. રાહુલ ગાંધીએ કહ્યું કે વડાપ્રધાનને સમજાતું નથી કે દેશની જનતા શું ઈચ્છે છે. એમ પણ કહ્યું કે પીએમ મોદીને તેમના મિત્રોના અવાજ સિવાય કશું સંભળાતું નથી. જીએસટી,નોટબંધી, કૃષિ કાયદા અને હવે અગ્નિપથ જેવી યોજનાઓનો ઉલ્લેખ કરતા રાહુલ ગાંધીએ કહ્યું કે તે લોકોના કલ્યાણ માટે રજૂ કરવામાં આવી હતી પરંતુ નાગરિકોએ તેને નકારી કાઢી હતી.

રાહુલ ગાંધીએ કહ્યું કે અગ્નિપથને યુવાનોએ નકારી કાઢ્યું, કૃષિ કાયદાને ખેડૂતોએ નકારી કાઢ્યા. અર્થશાસ્ત્રીઓ દ્વારા નોટબંધીને નકારી કાઢવામાં આવી હતી અને જીએસટીને વેપારીઓએ નકારી કાઢી હતી. રાહુલ ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું કે, વડાપ્રધાન સમજી શકતા નથી કે દેશની જનતા શું ઈચ્છે છે, કારણ કે તેઓ તેમના 'મિત્રો'ના અવાજ સિવાય કંઈ સાંભળતા નથી.

કોંગ્રેસના મહાસચિવ અને રાહુલ ગાંધીની બહેન પ્રિયંકા ગાંધી વાડ્રાએ પણ વડાપ્રધાનને આ યોજના પાછી ખેંચવાની વિનંતી કરી કારણ કે યુવાનો તેનો વિરોધ કરી રહ્યા છે. તેમણે કહ્યું કે, ભાજપ સરકારે ૨૪ કલાકની અંદર નવી સેના ભરતી યોજનાના નિયમોમાં ફેરફાર કરવો પડ્યો છે, જેનો અર્થ છે કે ઉતાવળમાં આ યોજના યુવાનો પર લાદવામાં આવી છે.

પ્રિયંકા ગાંધીએ ટ્વીટ કરીને કહ્યું કે નરેન્દ્ર મોદીજી, કૃપા કરીને આ સ્કીમ તાત્કાલિક પાછી ખેંચો અને તેમને એરફોર્સમાં લોકોની ભરતી કરવા વિનંતી કરી, જે રોકી દેવામાં આવી છે. તેમણે કહ્યું કે વય મર્યાદામાં છૂટછાટ આપીને સેનામાં પહેલાની જેમ ભરતી કરવી જોઈએ. તે જ સમયે, કોંગ્રેસ પાર્ટીએ માંગ કરી છે કે અગ્નિપથ યોજના હેઠળ સશસ્ત્ર દળોમાં ટૂંકી સેવાની ભરતી પર પ્રતિબંધ મૂકવો જોઈએ અને આ અંગે આગળની કાર્યવાહી કરતા પહેલા નિષ્ણાતો સાથે વ્યાપક પરામર્શ કરવામાં આવે.

## હવે દેવું વસૂલ કરવા માટે ગ્રાહકોને હેરાન નહીં કરી શકે બેંક એજન્ટ: આરબીઆઇ



મુંબઈ,તા.૧૭

બેંકના એજન્ટ હવે દેવું વસૂલ કરવા માટે ગ્રાહકોને હેરાન કરી શકશે નહીં. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)ના ગવર્નર શક્તિકાંત દાસે આના પર ચિંતા વ્યક્ત કરતા કડક વલણ અપનાવ્યુ. તેમણે કહ્યું કે, બેંકોના એજન્ટોનું ગ્રાહકોને હેરાન કરવું હવે સહન કરવામાં આવશે નહીં.

ગવર્નર દાસે એક પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે, દેવું વસૂલ કરવા માટે એજન્ટો દ્વારા ગ્રાહકોને કોઈ પણ સમયે ફોન કરવો, ખરાબ ભાષામાં વાત કરવી સહિત અન્ય કઠોર રીતનો ઉપયોગ કરવો, હવે સ્વીકાર્ય નથી. બેંકોની પાસે દેવું વસૂલ કરવાનો અધિકાર છે, પણ તેનાથી કોઈને મુશ્કેલી ન થવી જોઈએ. ખાસ કરીને એજન્ટના તરફથી આવતા ફોન કોલ્સને લઈને બેંકોએ ગાઈડલાઈનનો ઉપયોગ કરવો જોઈએ અને તેને દિશા-નિર્દેશ પણ આપવા જોઈએ.

ગવર્નર દાસે કહ્યું કે, ડિજિટલ રીતથી લોન આપવાની પ્રક્રિયાને સુરક્ષિત અને મજબૂત બનાવવા માટે રિઝર્વ બેંક ટૂંક સમયમાં જ ગાઈડલાઈન જાહેર કરશે. તેમને આ વાત પર પણ ચિંતા વ્યક્ત કરી કે, કેવી રીતે ડિજિટલ પ્લેટફોર્મ પર લોકોની સાથે લોન આપવાના નામ પર છેતરપિંડી કરવામાં આવી રહી છે. જો કે, આ વિશે લોકોને જાગૃત કરવા માટે આરબીઆઇ સમય-સમય પર ગાઈડલાઈન પણ બહાર પાડે છે.

ગવર્નરે વધતી મોંઘવારી પર વાત કરી હતી. તેમને કહ્યું હતું કે, ભારત જ નહીં અમેરિકા-યુરોપ સહિત દુનિયાભરના વિવિધ દેશોમાં મોંઘવારીનું દબાણ છે, આને અચાનક રોકવું શક્ય નથી. એટલે જ મોંઘવારીને સહન કરવી સમયની જરૂર છે.

અમે આને લઈને અત્યાર સુધી ભરેલા પગલાઓમાં અને પોતાના નિર્ણયો પર અડગ છીએ. તેમને કહ્યું કે, મહામારીનો સામનો કરવા અને દેશની અર્થવ્યવસ્થાને ગતિ આપવા માટે નીતિગત પગલાઓ ભરવામાં આરબીઆઇ ક્યારેય પાછળ રહ્યું નથી. અમે સમયની માગ સાથે ચાલી રહ્યા છીએ.

આરબીઆઈએ ઈલેક્ટ્રોનિક માધ્યમથી કાર્ડ, પ્રીપેડની ચૂકવણીના ઉત્પાદનો અને યુપીએઆઈના માધ્યમથી કોઈ સેવા અથવા ઉત્પાદન માટે ઓટો ડેબિટ વેરિફિકેશનની મર્યાદા ૫ હજાર રૂપિયાથી વધારીને ૧૫ હજાર રૂપિયા કરવામાં આવી છે. આનો અર્થ એ છે કે, હવે ૧૫ હજાર રૂપિયા સુધીના ઓટો ડેબિટ માટે વધારે વેરિફિકેશનની જરૂર નથી, આ સુવિધાથી ગ્રાહકોને ઘણી બધી સગવડતા થશે અને હવે તેઓ ત્રણ ગણા વધુ ધનરાશી સુધીની ઓટો ચૂકવણી કરી શકશે.

## ભારતે એક વર્ષમાં પરમાણુ હથિયારો પાછળ ૭૭૯૯ કરોડ રૂપિયા ખર્ચ કર્યો

નવીદિલ્હી,તા.૧૭

ભારતે પરમાણુ હથિયારોના ઉત્પાદન અને જાળવણી પર એક વર્ષમાં એક અબજ ડોલર (રૂ. ૭૭૯૯ કરોડ) કરતાં વધુ ખર્ચ કર્યા છે. વૈશ્વિક પરમાણુ શસ્ત્રોના નાબૂદી અંગેના આઈસીએએનના અહેવાલ મુજબ, વિશ્વના નવ પરમાણુ સશસ્ત્ર દેશોએ ૨૦૨૧માં તેમના પરમાણુ શસ્ત્રોના કાર્યક્રમો પર કુલ ૮૨.૪ બિલિયનનો ખર્ચ કર્યો છે, જે વર્ષ ૨૦૨૦ની સરખામણીમાં આઠ ટકાનો વધારો દર્શાવે છે.

ડિફેન્સ થિંક ટેક્ક સ્ટોકહોમ ઈન્ટરનેશનલ પીસ રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ (સિપ્રી) એ દાવો કર્યો હતો કે જાન્યુઆરી ૨૦૨૨માં ભારત પાસે ૧૬૦ પરમાણુ હથિયાર હતા અને તે પરમાણુ હથિયારોની સંખ્યામાં વધારો કરી રહ્યો હોવાનું જણાય છે. જાન્યુઆરી ૨૦૨૧માં ભારત પાસે માત્ર ૧૫૬ પરમાણુ શસ્ત્રો હતા. પાકિસ્તાન પાસે ૧૬૫ પરમાણુ હથિયારો છે.

આઈસીએએન અનુસાર, વર્ષ ૨૦૨૧ની દરેક મિનિટમાં પરમાણુ હથિયારો પર કુલ ૧,૫૬,૮૪૧નો ખર્ચ કરવામાં આવ્યો છે. દુનિયા જે ઝડપે તબાહી મચાવી રહી છે તેનો આ પુરાવો છે. રિપોર્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે અમેરિકા સૌથી વધુ ખર્ચ કરે છે અને વિશ્વમાં પરમાણુ હથિયારો પર કુલ ખર્ચના ૫૦ ટકાથી વધુ ખર્ચ એકલા અમેરિકાએ કર્યો છે. આ પછી ચીન, રશિયા, બ્રિટન અને ફ્રાન્સ જેવા દેશોએ પરમાણુ હથિયારો પર ખર્ચ કર્યો છે. ઈન્ટરનેશનલ કેમ્પેઈન ટુ એબોલિશ ન્યુક્લિયર વેપન્સ દ્વારા પરમાણુ ખર્ચ અંગેના તેના વાર્ષિક અહેવાલમાં આ વાતનો ખુલાસો કરવામાં આવ્યો છે.

રિપોર્ટ અનુસાર યુએસ ૪૪.૨ બિલિયન, ચીન ૧૧.૨ બિલિયન, રશિયા ૮.૬ બિલિયન, યુનાઈટેડ કિંગ્ડમ ૬.૮ બિલિયન, ફ્રાન્સ ૫.૯ બિલિયન, ભારત ૨.૩ બિલિયન, ઈઝરાયેલ ૧.૨ બિલિયન, પાકિસ્તાન ૧.૧ બિલિયન ડૉલર. બિલિયન અને નોર્થ કોરિયા પરમાણુ શસ્ત્રોના નિર્માણ અને અપગ્રેડ પર ૬૪૨ મિલિયન ખર્ચ્યા છે.

## તંત્રી સ્થાનેથી...

# વિપક્ષોની આંતરિક દુશ્મની આમ પ્રજાને તકલીફ દેહી કેમ.....?

*દેશભરમાં વધી રહેલી મોંઘવારીથી સાંસદો, ધારાસભ્યો, પાર્સદો સિવાય આમ પ્રજા બેહદ ત્રસ્ત છે પરંતુ રાજકિય પક્ષો દેશમાં સળગતા મોંઘવારી પ્રશ્નને ભૂલી ગયા હોય તેવું અનુભવાઈ રહ્યુ છે. તો સત્તાધારી પક્ષ પણ વિપક્ષો આ પ્રશ્ન ઉઠાવે નહીં તે માટે જુદા પ્રકારના આયોજનો કરતો રહે છે અને વિપક્ષો તેનો વિરોધ કરવામાં અટવાઈ જાય છે. આ એક સમજ પૂર્વકનું આયોજન સત્તાધારી પક્ષનું હોય છે. જોકે વિપક્ષ આમ પ્રજા વચ્ચે પ્રજા હિતના પ્રશ્નો બાબતે જાગૃત કરવામાં નિષ્ફળ રહ્યો છે....! તો લોકસભા કે વિધાનસભામાં પણ વિપક્ષો યોગાસન કે અન્ય પ્રજા પ્રશ્ને કે પછી વિપક્ષો એક જૂટ થાય તેવા પ્રશ્નમા ગુચવાયેલો રહીને પ્રજા જેનાથી સતત પિડાઈ રહી છે તેવા પેટ્રોલ- ડિઝલ, ગેસમા ભાવ વધારો તથા જીવન જરૂરી ચીજ વસ્તુઓના આસમાને આંબી ગયેલા ભાવ વધારો, બેરોજગારી સહિતના વિવિધ પ્રજા હિતના પ્રશ્નો ભૂલી ગયો હોય કે પછી નગણ્ય હોય તેમ ઉઠાવતા નથી તે હકીકત સ્વીકારવી રહી....! દરેક રાજકિય પક્ષનો એકજ મંત્ર કે એક જ ટાર્ગેટ સત્તા પ્રાપ્તિ બની રહ્યો લાગે છે....! તાજેતરમાં કેન્દ્ર સરકારે સૈન્યમાં ભરતી માટે અગ્નિપથ યોજનાની જાહેરાત કરી છે યુવાઓને સૈન્યમાં ખેંચવા માટેની આકર્ષક યોજના હતી.... તેમજ સૈન્યને જરૂરી કુશાગ્ર યુવા ટેકનિશિયનો મળી જાય તે સાથે આધુનિક ટેકનોલોજી બાબતમાં ભારત વિશ્વસ્તરે નામના મેળવી શકે તેમ હતું... પરંતુ આ યોજના અંતર્ગત બહોળા પ્રમાણમાં જાગૃતિ નહી ફેલાવવા ઉપરાંત આ યોજના બાબતે જે પ્રકારનુ આયોજન કરવું જોઈએ તે બાબતે ધ્યાન નહી યુવાઓમાં ભારે આક્રોશ વ્યાપી ગયો જેના પરિણામ સ્વરૂપ અગ્નિપથ યોજનાનો બેહદ વિરોધ થવા સાથે તોફાનો શરૂ થઈ ગયા. તેમાં પણ બિહારમા આકરા પાણીએ મોટા પ્રમાણમાં વિરોધ શરૂ થયો અને તેની અગનજાળ મધ્ય પ્રદેશ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, હિમાચલ પ્રદેશ સહિતના રાજયોમાં પહોચી ગઈ છે ત્યારે એક વાત ચોક્કસ કે આ યોજના વિચાર માગી લે છે.....!*

***કેન્દ્ર સરકારની નવી યોજના***

*અગ્નિપથ યોજના બાબતે શુભ આશય હોય.... પરંતુ સૈન્યમાં જોડાવા ઈચ્છતું યુવાધન જુના સૈન્ય નિયમો અને પ્રણાલી અનુસાર સૈન્ય ભરતી ઈચ્છી રહ્યું છે તે બાબત યોજના તૈયાર કરનારા નિષ્ણાતો સમજી શક્યા નથી કે પછી... ભવિષ્યમા મળતા સૈન્ય નિવૃતિના લાભ મળે નહી અને સરકાર પર બોજ વધે નહીં તેવી ગણતરી પણ હોઈ શકે..! છતાં સરકાર માટે આ યોજના મોટો કોયડો બની રહી છે.....!વિપક્ષો પણ આ યોજનાનો વિરોધ કરી રહ્યા છે પરંતુ યોજના ઘડતર સમયે કે રજૂઆત સમયે વિરોધ કરવો જરૂરી હતુ જે ભૂલી ગયા છે તેમ સ્વીકારવું રહ્યુ....! કારણ કે મોંઘવારી પ્રશ્ને કોંગ્રેસના શાસનમાં ભાજપ જે રીતે વિરોધ કરતો, દેખાવો યોજતો, રેલીઓ કાઢતો હતો અને પ્રજાહિતના મોંઘવારી પ્રશ્નને પ્રાધાન્ય આપતો તે પ્રકારે વિપક્ષો મહત્વ આપવાનું ભૂલી ગયા છે....!તેમજ ભાજપ વિરોધ પક્ષમાં હતો અને જે પ્રમાણે વિપક્ષ તરીકેની ભૂમિકા ભજવતો હતો તેમાંથી શીખ પણ લીધી નથી....તથા આમ પ્રજાને સળગતા પ્રશ્ને સતત હૂંફ આપી જાગૃત રાખી નથી તેમ કહેવું ખોટું નથી....! એક સમયે વિપક્ષોને એક થવા મમતા બેનરજીએ ભરપૂર પ્રયાસો કર્યા પરંતુ વિપક્ષ એકબીજાની જૂની રાજકિય દુશ્મનાવટ ભૂલવા તૈયાર ન થયા તે કારણે એકજૂટ ન થઈ શક્યા... અને હવે રાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં વિપક્ષોને એક જૂટ કરવા મમતા દોડી રહ્યા છે ૧૬ પક્ષોએ એકજૂટ થવા તૈયારી બતાવી પરંતુ કેજરીવાલની આમ આદમી પાર્ટી તેમજ દક્ષિણ ભારતના બે ત્રણ પક્ષો સહિતના કોંગ્રેસને કારણે એક જૂટ થવા તૈયાર નથી તેવું બહાનું બતાવી પ્રજાહિતમાં આવેલી તક ગુમાવી શકે છે.....! કેન્દ્ર સરકારને કાબૂમાં રાખવામાં આવેલી તક બે ચાર વિપક્ષોને કારણે ગુમાવવી પડશે તે નિશ્ચિંત છે....!તો વડાપ્રધાન મોદીજી પોતાના નક્કી કરેલ રાષ્ટ્રપતિ ચૂંટાય તે તક ગુમાવી તેવા પણ નથી એ પણ હકીકત છે.....!*

# રોડ પર પાર્ક કરેલી ગાડીનો ફોટો મોકલનારને ૫૦૦નું ઈનામ મળશે : નિતિન ગડકરી

નવીદિલ્હી,તા.૧૭

કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ કહ્યું કે, તેઓ એવો કાયદો લાવવા જઈ રહ્યા છે જેની મદદથી નિયમોની અવગણના કરીને રસ્તા પર ગાડી પાર્ક કરનારાઓ પર ગાળિયો કસવામાં આવશે. આવું કરનારા વાહન માલિકો પર દંડ લગાવવામાં આવશે. એટલું જ નહીં, જો દંડની રકમ ૧૦૦૦ રૂપિયા કરતા વધુ હોય તો એવા વાહનોનો ફોટો મોકલનારને પણ ૫૦૦ રૂપિયાનું ઈનામ આપવામાં આવશે. સમાચાર એજન્સી પીટીઆઈના રિપોર્ટ અનુસાર, કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નિતિન ગડકરીએ ગુરુવારે કહ્યું કે, ટૂંક સમયમાં જ ખોટી રીતે પાર્ક કરનારાઓ પર ૧૦૦૦ રૂપિયાનો દંડ લગાવવામાં આવશે. એટલું જ નહીં, જે લોકો ખોટી રીતે પાર્ક કરવામાં આવેલા વાહનોનો ફોટો મોકલશે તેમને પણ ૫૦૦ રૂપિયાનું ઈનામ મળી શકે છે.

ગડકરીએ કહ્યું, હું એક કાયદો લાવવાનો છું. રસ્તા પર જે ખોટી રીતે વાહન પાર્ક કરશે એવા વાહનનો મોબાઈલમાંથી ફોટો પાડીને જે મોકલશે, તેને પુરુસ્કૃત કરવામાં આવશે. જો ખોટી રીતે વાહન પાર્ક કરનારાઓ પર ૧૦૦૦ રૂપિયા દંડ લગાવવામાં આવશે તો ૫૦૦ રૂપિયા ફોટો મોકલનારને પણ મળશે. ગડકરીએ કહ્યું- હું એક કાયદો લાવવાનો છું. રસ્તા પર જે ખોટી રીતે વાહન પાર્ક કરશે અને આવા વાહનોનો ફોટો મોબાઈલમાં પાડીને જે મોકલશે, તેને પુરુસ્કૃત કરવામાં આવશે. જો ખોટી રીતે કોઈએ વાહન પાર્ક કર્યું હોય અને કોઈ જાગૃત નાગરિક પોતાના મોબાઈલમાં તેનો ફોટો પાડીને મોકલશે અને જો ખોટી રીતે પાર્કિંગ કરનારને ૧૦૦૦ રૂપિયાનો દંડ કરવામાં આવે તો ૫૦૦ રૂપિયા ફોટો પાડીને મોકલનારને મળશે. આવુ કરવાથી જ પાર્કિંગની સમસ્યાનું સમાધાન થઈ શકે છે.

કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, લોકો પોતાના વાહનો માટે પાર્કિંગની જગ્યા નથી બનાવતા, આથી તેમના વાહનો રસ્તા પર કબ્જો કરી લે છે. હળવા અંદાજમાં ગંભીર વાત કહેવા માટે જાણીતા ગડકરીએ કહ્યું કે, મારા રસોઈયા પાસે પણ બે સેકેન્ડ હેન્ડ વાહન છે. હવે, ચાર સભ્યોના પરિવારની પાસે છ વાહનો છે

### કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સ વાયદામાં ૭૪ પોઈન્ટની મૂવમેન્ટ

# સોનાનો વાયદો રૂ.૧૩ સુધર્યોઃ ચાંદી રૂ.૧૨ નરમઃ ક્રૂડ તેલમાં રૂ.૨૪ની વૃદ્ધિઃ મેન્થા તેલમાં નરમાઈઃ કોટનમાં સુધારો

## પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૭૮૯૯ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩૭૪૭ કરોડનું ટર્નઓવર : ઈન્ડેક્સ વાયદાઓમાં રૂ.૩૪ કરોડનાં કામકાજ

મુંબઈ:

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં શુક્રવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૪૩,૭૨૫ સોદાઓમાં કુલ રૂ.૧૧,૬૭૯.૯૭ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૭૮૯૯.૦૮ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૭૪૭.૧ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૬૬,૮૩૪ સોદાઓમાં કુલ રૂ.૩,૩૮૨.૩૬ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૦,૯૭૭ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૧,૧૪૫ અને નીચામાં રૂ.૫૦,૮૮૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૩ વધી રૂ.૫૦,૯૯૯ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જૂન કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૨૧ વધી રૂ.૪૦,૭૦૩ અને ગોલ્ડ-પેટલ જૂન કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧ વધી રૂ.૫,૦૭૭ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જુલાઈ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦,૮૮૯ના ભાવે ખૂલી, રૂ.૧૯ વધી રૂ.૫૦,૯૬૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી જુલાઈ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૧,૪૧૫ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૧,૭૨૦ અને નીચામાં રૂ.૬૧,૩૧૧ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૨ ઘટી રૂ.૬૧,૫૧૫ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૧ ઘટી રૂ.૬૧,૭૬૦ અને ચાંદી-માઈક્રો જૂન કોન્ટ્રેક્ટ રૂ.૧૬ ઘટી રૂ.૬૧,૭૭૩ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૧,૭૫૭ સોદાઓમાં રૂ.૧,૮૬૮.૬૫ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જૂન વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૯૫ ઘટી રૂ.૨૧૪.૮૫ અને જસત જૂન વાયદો રૂ.૫.૧૫ ઘટી રૂ.૩૧૧ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જૂન કોન્ટ્રેક્ટ રૂ.૩.૬૫ ઘટી રૂ.૭૪૭.૦૫ તેમ જ સીસું જૂન કોન્ટ્રેક્ટ રૂ.૦.૩૦ ઘટી રૂ.૧૮૩ના ભાવ થયા હતા.

એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૨૮,૦૭૩ સોદાઓમાં કુલ રૂ.૨,૬૦૫.૭૨ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જૂન વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૯,૧૦૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૯,૨૮૧ અને નીચામાં રૂ.૯,૦૯૬ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૨૪ વધી રૂ.૯,૧૮૮ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જૂન વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨ વધી રૂ.૫૮૨.૬૦ બોલાઈ રહ્યો હતો. કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૫૮૫ સોદાઓમાં રૂ.૪૨.૩૫ કરોડનાં કામકાજ થયા હતા. કોટન જૂન વાયદો ૧ ગાંસડીદીઠ રૂ.૪૭,૧૦૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૩૫૦ અને નીચામાં રૂ.૪૬,૮૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૦૦ વધી રૂ.૪૭,૩૨૦ના સ્તરે પહોંચ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં જૂન કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧૧.૭૦ ઘટી રૂ.૧૦૩૮.૧૦ થયો હતો.

કામકાજની દ્રષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૧,૪૯૭.૯૧ કરોડનાં ૨,૯૩૫.૯૭૮ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૧,૮૮૪.૪૫ કરોડનાં ૩૦૪.૮૧૮ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૧,૨૧૮.૪૭ કરોડનાં ૧૩,૪૭,૨૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૧,૩૮૭ કરોડનાં ૨૩૮૩૩૭૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કોટનના વાયદાઓમાં રૂ.૨૫.૮૮ કરોડનાં ૫૫૦૦ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૧૬.૪૭ કરોડનાં ૧૫૬.૯૬ ટનનાં કામકાજ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૭,૯૪૯.૬૨૯ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૬૯૧.૩૩૩ ટન, ક્રૂડ તેલમાં ૬૪૨૮૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૬૦૦૫૦૦૦ એમએમબીટીયૂ તેમ જ કોટનમાં ૬૮૬૦૦ ગાંસડી, મેન્થા તેલમાં ૫૪૨.૮૮ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૩૩.૭૯ કરોડનાં ૪૬૭ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જૂન વાયદો ૧૪,૪૩૭ના સ્તરે ખૂલી, ૭૪ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૨ પોઈન્ટ ઘટી ૧૪,૪૬૨ના સ્તરે હતો. ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩,૭૪૭.૧૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૮૯.૨૨ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૮૭.૩૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૭૦૨.૮૫ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૭૬૭.૩૧ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૧૯.૫૦ કરોડનું થયું હતું.

સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં નેચરલ ગેસ જૂન રૂ.૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૮ ખૂલી, ઊપરમાં રૂ.૨૫.૯૦ અને નીચામાં રૂ.૧૭ રહી, અંતે રૂ.૦.૫૦ વધી રૂ.૨૧.૫૦ થયો હતો. જ્યારે ક્રૂડ તેલ જુલાઈ રૂ.૯,૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૯.૯૦ ખૂલી, ઊપરમાં રૂ.૩૨૩.૫૦ અને નીચામાં રૂ.૨૩૧.૧૦ રહી, અંતે રૂ.૨.૯૦ ઘટી રૂ.૨૮૨.૧૦ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૪,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૧.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૨૭.૫૦ અને નીચામાં રૂ.૧૬૧ રહી, અંતે રૂ.૨૨ વધી રૂ.૨૧૬.૫૦ થયો હતો. સોનું-મિની જૂન રૂ.૫૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૪૫૫ ખૂલી, ઊપરમાં રૂ.૬૨૫ અને નીચામાં રૂ.૩૫૦ રહી, અંતે રૂ.૪૫.૫૦ વધી રૂ.૪૬૪ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૨,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૫૦૬.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૬ અને નીચામાં રૂ.૫૦૬.૫૦ રહી, અંતે રૂ.૬ વધી રૂ.૫૯૪.૫૦ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જુલાઈ રૂ.૯,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૧૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૨૭.૯૦ અને નીચામાં રૂ.૧૫૦ રહી, અંતે રૂ.૧૦.૭૦ ઘટી રૂ.૪૮૨.૯૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જૂન રૂ.૫૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૧૩ ખૂલી, ઊપરમાં રૂ.૧૫.૪૦ અને નીચામાં રૂ.૧૦.૧૫ રહી, અંતે રૂ.૦.૨૫ વધી રૂ.૧૨.૯૫ થયો હતો. સોનું જુલાઈ રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૦૦ ખૂલી, ઊપરમાં રૂ.૫૧૮.૫૦ અને નીચામાં રૂ.૪૫૦ રહી, અંતે રૂ.૨૩.૫૦ ઘટી રૂ.૪૭૧ થયો હતો. ચાંદી જૂન રૂ.૬૧,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૬૪૦ ખૂલી, ઊપરમાં રૂ.૬૮૮ અને નીચામાં રૂ.૫૦૦ રહી, અંતે રૂ.૧૨.૫૦ ઘટી રૂ.૫૯૪.૫૦ થયો હતો. સોનું-મિનીજૂન રૂ.૫૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૮૦.૫૦ ખૂલી, ઊપરમાં રૂ.૨૧૪ અને નીચામાં રૂ.૧૫૫ રહી, અંતે રૂ.૨૭ ઘટી રૂ.૧૫૯ થયો હતો.

# અવધૂત ગુરૂ દત્તાત્રેય અને તેમના ૨૪ ગુરૂઓ (ભાગ-૨)



અવધૂત ગુરૂ દત્તાત્રેય ઋષિએ બૃધ્ધિના વિકાસ માટે તથા વિશ્વમાં પોતાને સુરક્ષિત અને સફળ બનાવવા કુલ ૨૪ જીવો તથા પદાર્થોની પાસેથી તેમને ગુરૂ માનીને તેમની પાસેથી બોધ પ્રાપ્ત કર્યો છે. આપણે પહેલા ભાગમાં સાત ગુરૂઓની વાતો કરી હતી.

(૮)કબૂતરઃ કબૂતર પાસેથી એવો બોધ લીધો કે: ×માનવજીવનને પરિવારના સદસ્યોના પાલન પોષણ સુધી સિમિત ના રાખવું, નહી તો તેમના માટે જ હોમાઇ જવું પડશે.અત્યંત સ્નેહથી,આસક્તિથી બુધ્ધિનું સ્વાતંત્ર્ય ખતમ થઈ જાય છે,બુધ્ધિ વિચારી શકતી જ નથી..× આ વાત કબૂતર પાસેથી શિખવાની છે.એક કબૂતર ફરતું હતું.ત્યાં એક કબૂતરી આવી.તે બન્ને સાથે રહેવા લાગ્યાં.બચ્ચાં પેદા થયાં,સાથે રહેવાથી પ્રેમ વધ્યો એકબીજા ઉપર અત્યંત વહાલ કરવા લાગ્યાં બચ્ચાંને પાંખો આવતાં ઉડવા લાગ્યાં બંને બચ્ચાંના પાલન પોષણમાં આનંદ માનવા લાગ્યાં કબૂતરને જોઇ તેની માદા(કબૂતરી) ખુશ થઇ ગઇ અને કબૂતરીને ખુશ રાખવી એ જ મારૂં કર્તવ્ય છે એમ કબૂતરને લાગ્યું.એક દિવસ લોભાવિષ્ટ થઈને બચ્ચાં પારધીની જાળમાં ફસાઇ ગયાં,તેમને બચાવવા જતાં કબૂતરી પણ જાળમાં ફસાઇ ગઇ,ત્યાં કબૂતર આવીને બેઠું.પોતાના આખા કુટુંબને જાળમાં ફસાયેલું જોઇને કબૂતર હતાશ થઇ ગયું.કબૂતરને લાગ્યું કે:×પત્ની અને બચ્ચાંઓ વિના મારૂં જગતમાં કોન? હવે મારે શા માટે જીવવું? હું પણ કેમ મરી ના ગયો?× આ રીતે કબૂતર ત્યાં રડવા લાગ્યું. આ માનવ પરિવારનું ચિત્ર છે.જે કબૂતર રૂપે સમજાવ્યું છે. ×શોક અને દુઃખથી માનવ ધર્મચ્યુત અને કર્તવ્યચ્યુત બને છે.× પત્ની અને બાળકો મરી જવાથી કબૂતરને પોતાનું જીવન અતૃપ્ત-અકૃતાર્થ અને વ્યર્થ લાગ્યું, તેથી તે પોતે પણ જાળમાં પડી મરી ગયું.અહીં પ્રશ્ન ઉભો થાય કે ×હું શા માટે જન્મ્યો? શું હું ફક્ત કુટુંબ માટે જ છું? મારે જીવનમાં શુ કરવાનુ છે? જીવિત કોન કહેવાય? મનુષ્ય જીવનનો ઉદેશ્ય શું? હું ક્યાંથી આવ્યો? કેમ આવ્યો? ક્યાં જવાનો? આ બાબતો વિશે જે વિચાર કરતો નથી તેની ખૂબ જ ખરાબ દશા થાય છે.× પત્ની અને બાળકોનું પાલનપોષણ કરવું જ જોઇએ પરંતુ અતિશય પ્રેમ અને આસક્તિમાં જોખમ છે,તેના લીધે મનુષ્ય પોતાનું કર્તવ્ય ભૂલી જાય છે.આ જગતમાં મારૂં કોન? મને જન્મ આપનારો કે કુટુંબ? મારે કોના માટે જીવવાનું? મને પ્રભુએ માનવજન્મ આપ્યો છે.ચૌરાશી લાખ યોનિયોમાં સૌથી શ્રેષ્ઠ? બુધ્ધિશાળી બનાવ્યો છે તો આત્મકલ્યાણના માટે કાર્ય કરવું જોઇએ.આદ્ય જગતગુરૂ શંકરાચાર્યજી શતશ્લોકીઃશ્લોકઃ૫માં કહે છે કે: ×દેહ,સ્ત્રી,પૂત્ર,મિત્ર, સેવક, ઘોડા,બળદ..વગેરેને ખુશ રાખવામાં એટલે કે: માંસમિમાંસા પાછળ જ દરેક જણ પોતાનું આયુષ્ય ગુમાવે છે.જ્યારે વ્યવહાર કુશળ ચતુરજન જેનાથી પોતાને સૌભાગ્યવંત માને છે,તેના માટે જીવે છે પરંતુ પ્રાણના અધીશસમા, અંતર્ગત અમૃતરૂપ આત્મતત્વની મિમાંસા કોઇ કરતું નથી.× ભગવાનને ઓળખવા એ બ્રહ્મવિધા છે.આત્માનું ઉન્નતિકરણ કરીને ઉપર લઇ જવો એ આત્મજ્ઞાન છે.કબૂતર પાસેથી એ શિખવા મળ્યું છે કે: મારે ×હું× ને ભૂલવો જ જોઇએ.

(૯)અજગરઃ સાધકને વિના માંગે, ઈચ્છા કર્યા વિના આપો આપ જ અનાયાસે જે કંઇ મળી જાય તે ભલે રૂખું સુખું હોય કે ભલે ખૂબ જ મધુર અને સ્વાદિષ્ટ હોઇ,થોડું હોય કે વધુ બુધ્ધિમાન સાધકે અજગરની જેમ ખાઇને જીવન નિર્વાહ કરી લેવો તથા પ્રાપ્ત થયેલ ભોજનમાં જ સંતુષ્ટ રહેવું.વધુ મેળવવા ઉતાવળા ન થવું કારણ કે માનવ જીવન ફક્ત ભોજન માટે, કમાવવા માટે જ મળ્યુ નથી. હું અજગર પાસેથી આગ્રહશૂન્ય જીવન શિખ્યો.આગ્રહશૂન્ય જીવન એટલે જે મળે તેનો સ્વીકાર.અજગર કંઇ મેળવવા પોતાની શક્તિ વાપરતો નથી,તેના મોઢામાં અનાયાસે આવીને પડે છે તે જ ખાય છે તો પછી કંઇ કરવાનું જ નહી? ભોગો માટે ઉદાસિનતા અને ભક્તિના માટે શક્તિ વાપરવી.મનુષ્યને મનોબળ-ઇન્દ્રિયબળ અને દેહ બળ.. આ ત્રણ શક્તિઓ મળેલી છે તેને ભગવાનના કામમાં વાપરવી જોઇએ.

(૧૦)સમુદ્રઃ સમુદ્ર પાસેથી મેં શિખ્યું છે કે:સાધકે હંમેશાં મર્યાદામાં રહી પ્રસન્ન અને ગંભીર રહેવું. સાગર પોતાની મર્યાદા છોડતો નથી.સાગર બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર છે.સાગર દુસ્તર અને અનંત છે તેમ સાધકે પણ બહારથી પ્રસન્ન અને અંદરથી ગંભીર રહેવું જોઇએ.જીવન વિકાસ માટે પ્રસન્નતા હોવી જોઇએ.વર્ષાઋતુમાં નદીઓમાં પુર આવવાથી તે વધતો નથી અને ઉનાળામાં પાણી વરાળ બનીને ઉડી જવા છતાં તે ઘટતો નથી, તેવી જ રીતે ભગવત પરાયણ સાધકે સાંસારીક પદાર્થોની પ્રાપ્તિથી પ્રફુલ્લિત ના થવુ તથા વિપત્તિમાં ઉદાસ ના થવું. ×જીવનમાં ગમે તેવી પરિસ્થિતિ નિર્માણ થાય તેમ છતાં મનઃસ્થિતિ એકરસ રહેવી જોઇએ.×

(૧૧)પતંગિયુઃ પતંગિયા પાસેથી એ બોધ પ્રાપ્ત કર્યો કેઃ જેમ પતંગિયું રૂપમાં મોહિત થઇને આગમાં કૂદી પડે છે અને બળી મરે છે તેવી જ રીતે પોતાની ઇન્દ્રિયોને વશમાં ન રાખવાવાળો પુરૂષ જયારે માયાની કોઇ પણ આકર્ષક વસ્તુને જુવે છે તો તેના તરફ આકર્ષિત થઇ જાય છે અને ઘોર અંધકારમાં, નરકમાં પડીને પોતાનું સત્યાનાશ કરી દે છે.જે મૂઢ વ્યક્તિ કંચન, ઘરેણાં, કપડાં..વગેરે નાશવાન માયિક પદાર્થોમાં ફસાઇને પોતાની તમામ ચિત્તવૃત્તિઓ તેના ઉપભોગના માટે જ વાપરે છે તે પોતાની વિવેક બુધ્ધિ ખોઇને પતંગિયાની જેમ નષ્ટ થઇ જાય છે.ઇન્દ્રિયોનો સારો ઉપયોગ કરવામાં આવે તો પવિત્ર અને તેનો ઉપભોગ માટે જ ઉપયોગ કરવામાં આવે તો તે અપવિત્ર. સુંદરતા એ પ્રભુની વિભૂતિ છે પરંતુ જયાં પાવિત્ર્ય છે ત્યાં વાસના ઉભી થતી નથી. હંમેશાં ભોગમાં સૌદર્યનો નાશ થાય છે અને ભક્તિમાં સૌદર્યનું સાતત્ય છે. એકાદ સુંદર યુવતિ રસ્તા ઉપરથી જતી હોય તો તેને જોઇને કૂતરાને વાસના થતી નથી.તેવી જ રીતે સુંદર સ્ત્રીને જોઇને બાળક કે વૃધ્ધના મનમાં પણ વાસના નિર્માણ થતી નથી એનો અર્થ એ છે કે: વસ્તુમાં વાસના નથી, જોનારની દ્રષ્ટિથી વાસના નિર્માણ થાય છે.જે ઇન્દ્રિયાસક્તિથી જોવામાં આવે તો તેને ભોગ કહેવામાં આવે છે.જે હૃદયાસક્તિથી જોવામાં આવે તેમાં ભાવ પ્રગટે છે.સુંદર વસ્તુ તરફ બધા જુવે છે પરંતુ તે કંઇ દ્રષ્ટિથી જુવે છે તે અગત્યનું છે.માનવ ભક્તિ નહી કરે તો સૌદર્યની પાછળ પતંગિયાની જેમ મરી જશે એટલે કે મનુષ્ય શરીર ચાલ્યું જશે.આ માટે દરેક માનવે સાવધાન રહેવાનું છે. સૃષ્ટિનું સૌદર્ય ક્ષણિક છે,ખરાબ છે,નશ્વર છે..એવું ફક્ત બોલીને નહી ચાલે એ હકીકત નથી સૃષ્ટિ સુંદર છે એ હકીકત છે તેને ખરાબ ઠરાવીને ભાગવું એ પયાલનવાદ છે.જીવનની દ્રષ્ટિ બદલવી જોઇએ અને આ કામ ભક્તિથી જ સંભવ છે.

(૧૨)ભમરોઃ ભમરો વિભિન્ન પુષ્પોમાંથી ભલે તે નાનું હોય કે મોટું તેનો સાર ગ્રહણ કરે છે,તેવી જ રીતે જે વિદ્વાન છે,પંડિત છે, બુધ્ધિમાન છે તે પુરૂષે નાના મોટા તમામ શાસ્ત્રોમાંથી તેનો સાર નિચોડ ગ્રહણ કરવો જોઇએ.

વિનોદભાઇ માછી નિરંકારી
નવીવાડી,તા.શહેરા,જી.પંચમહાલ
૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૨,૮૪૭ નવા કેસ નોંધાયા

નવીદિલ્હી,તા.૧૭

દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૧૨,૮૪૭ નવા કેસ નોંધાયા છે. જે ગઈકાલ કરતા ૫.૨ ટકા વધારે છે. જેમાં સૌથી વધુ કેસો ૪૨૫૫ સાથે મહારાષ્ટ્ર આ યાદીમાં ટોચ પર છે.

આ પછી કેરળમાં ૩,૪૧૯, દિલ્હીમાં ૧,૩૨૩, કર્ણાટકમાં ૮૩૩ અને હરિયાણામાં ૬૨૫ કેસ નોંધાયા છે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા અનુસાર, છેલ્લા ૨૪ કલાકમાં ૧૪ લોકોના મોત નોંધાયા છે. દેશમાં એક્ટિવ દર્દીઓની સંખ્યા ૬૩,૦૦૦ને પાર પહોંચી ગઈ છે. એક્ટિવ દર્દીઓની કુલ સંખ્યા ૬૩,૦૬૩ છે.

જે દેશમાં નોંધાયેલા કુલ કેસના ૮૧.૩૭ ટકા એકલા આ પાંચ રાજ્યોમાંથી આવ્યા છે, જેમાં મહારાષ્ટ્રમાં જ ૩૩.૧૨ ટકા કેસ નોંધાયા છે. દેશમાં કોરોનાથી કુલ મોતની સંખ્યા વધીને ૫,૨૪,૮૧૭ થઈ ગઈ છે.

રિકવરી રેટની વાત કરીએ તો ભારતનો રિકવરી રેટ હવે ૯૮.૬૪ ટકા થયો છે. છેલ્લા ૨૪ કલાકમાં કુલ ૭,૯૮૫ દર્દીઓ સાજા થયા છે, જેને પગલે દેશભરમાં સાજા થયેલા લોકોની કુલ સંખ્યા ૪,૨૬,૮૨,૬૯૭ થઈ ગઈ છે.

છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કુલ ૧૫,૨૭,૩૬૫ લોકોને રસી આપવામાં આવી છે. આ સાથે અત્યાર સુધીમાં કુલ રસી લેનારા લોકોની સંખ્યા વધીને ૧,૯૫,૮૪,૦૩,૪૭૧ થઈ ગઈ છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં કુલ ૫,૧૯,૯૦૩ સેમ્પલનું ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. ભારતમાં ગઈકાલે કોરોનાના ૧૨,૨૧૩ નવા કેસ નોંધાયા હતા અને ૧૧ લોકોના મોત થયા હતા.જ્યારે કુલ ૭,૬૨૪ દર્દીઓ આ રોગમાંથી સાજા થયા છે.

# ૧ જુલાઈથી વરિષ્ઠ નાગરિકોને રેલવે ભાડામાં છૂટની કોઈ જાહેરાત કરાઈ નથીઃ કેન્દ્રની સ્પષ્ટતા

નવીદિલ્હી,તા.૧૭

તાજેતરમાં એવા સમાચારો વહેતા થયા હતા કે, ભારતીય રેલવે આગામી પહેલી જુલાઈથી ફરીથી વરિષ્ઠ નાગરિકો માટે રેલવે ભાડામાં છૂટની શરૂઆત કરવા જઈ રહ્યું છે. સૂચના અને પ્રસારણ મંત્રાલયના પ્રેસ સૂચના બ્યુરોએ પોતાના 'ફેક્ટ ચેક' હેન્ડલના માધ્યમથી ટ્વિટ કરીને આ અંગેની સ્પષ્ટતા કરી છે. ટ્વિટમાં લખ્યું છે કે, રેલવે મંત્રાલય દ્વારા ટ્રેનોમાં વરિષ્ઠ નાગરિકો માટે ફરીથી રેલવે ભાડામાં છૂટ શરૂ કરવા સંબંધી કોઈ જ જાહેરાત નથી કરવામાં આવેલી. સાથે જ લખ્યું હતું કે, રેલવે મંત્રાલય હાલ માત્ર શારીરિકરૂપે સક્ષમ ન હોય તેવા લોકો, દર્દીઓ અને વિદ્યાર્થીઓને જ લાભ આપી રહ્યું છે. નોંધનીય છે કે, એવા સમાચારો વહેતા થયા હતા કે, રેલવે મંત્રાલય આગામી ૧ જુલાઈ ૨૦૨૨થી ફરી એક વખત વરિષ્ઠ નાગરિકો માટે ટ્રેનના ભાડામાં છૂટ આપવાની શરૂઆત કરી રહ્યું છે. પીઆઈબી દ્વારા આ સમાચારો અંગે સ્પષ્ટીકરણ આપવામાં આવ્યું છે અને તેવા સમાચારોને 'ફેક' ગણાવવામાં આવ્યા છે.

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે ગત માર્ચ મહિના દરમિયાન સંસદને જાણ કરી હતી કે, તેમના મંત્રાલયે કોરોના વાયરસ મહામારીના કારણે માર્ચ ૨૦૨૦માં વરિષ્ઠ નાગરિકોને મળતી છૂટ રદ કરી દીધી હતી. હાલ તેને પુનઃસ્થાપિત નહીં કરવામાં આવે એટલે કે, ફરી શરૂ કરવામાં નહીં આવે. ઉલ્લેખનીય છે કે, ભારતીય રેલવે કોરોના મહામારી પહેલા રેલવેના તમામ વર્ગોમાં ન્યૂનતમ ૫૮ વર્ષના મહિલા મુસાફરોને ૫૦% તથા ૬૦ કે તેનાથી વધારે વર્ષના પુરૂષ મુસાફરોને ૪૦%ની છૂટ આપતું હતું.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ







NOG SS No : 0110

પ્રકાર : ગદ્ય- મૌલિક લેખ

વિષય : આવ રે વરસાદ

શબ્દો : ૩૪૯

શીર્ષક : 'મોસમનો પહેલો વરસાદ'

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

ગ્રીષ્મની વિદાય અને મેહુલાનું આગમન. આ ધરતી પરનો દરેક જીવ આ પળની આતુરતાથી રાહ જોઈને બેઠો હોય છે. ઉનાળાની ગરમીથી ત્રાહિમામ પોકારી ગયેલા માણસ, પશુ, પંખી સહુ કાગડોળે વર્ષાઋતુના આગમનની વાટ જોતાં હોય છે. આકાશમાંથી ઝરતી કાળઝાળ ગરમીને વિદાય આપવા નભમાં કાળાડિબાંગ વાદળોની સવારી આવી પહોંચે છે. ગડગડાટ કરતા વાદળોના ધ્વનિ સાથે મેહુલો ધરતીના જીવોને રીઝવવા મન મૂકીને વરસવા થનગની રહે છે.

વાદળોનો ગડગડાટ અને પવનની ઠંડી લહેરખી સમગ્ર વાતાવરણને પરિવર્તનની આગોતરી જાણ કરે છે. વર્ષાની આતુરતાથી રાહ જોતાં વૃક્ષોની ડાળીઓ અને પાંદડા તેજ પવનની લહેરખીની સંગે વરસાદી ઝાપટાં સાથે આમ થી તેમ ફંગોળાઈ ઝૂમી ઉઠે છે. મોરના ટહુકાઓ અને પક્ષીઓનો મીઠો કલરવ વાતાવરણમાં ગુંજી ઉઠે છે અને એક જીવંતતા ફેલાઈ જાય છે. જાણે મેહુલાને વધામણી આપવા આખી ય ધરતી ઝુમી ઉઠે છે. કુદરતની પણ કેવી કમાલ છે કે ઋતુચક્રના ફેરફાર પ્રમાણે ધરતી ઉપરની સમગ્ર જીવસૃષ્ટિ આપોઆપ વર્ષાના આગમનને દિલથી આવકારવા થનગની ઉઠે છે.

વરસાદને વધાવતું બાળકોને પ્રિય આ બાળગીત તો આપણે સહુએ નાનપણમાં જરૂર ગાયું જ હશે. ભાગ્યે જ કોઈ ગુજરાતી આનાથી અજાણ હોય. 'આવ રે વરસાદ, ઘેબરીઓ પરસાદ...ઊની ઊની રોટલી ને કારેલાનું શાક' કેટલું સુંદર આનંદ વ્યક્ત કરતું બાળગીત. બાળકો તો પહેલા વરસાદના આગમન સાથે ગાંડા ઘેલા થઈને આ બાળગીત ગણગણાવતા વર્ષામાં ભરપેટ ભીના થાય છે અને ખુલ્લા આકાશ નીચે બે હાથ ફેલાવીને પાણીમાં છબછબિયાં કરી અનેરો આનંદ મેળવે છે. માત્ર બાળકો માટે જ નહીં મોટેરાઓ માટે પણ મોસમની પહેલી વર્ષા જીવનમાં આનંદ અને ઉલ્લાસનો સંદેશો બનીને આવે છે. બીજા બધા કામ પડતા મુકીને મોટેરાઓ પણ એક અલગ જ અંદાજમાં વરસાદની બૂંદોની છાલક અને ભીની માટીની મહેંક દ્વારા મનને પ્રફુલ્લિત કરવાની તક ઝડપી જ લેતા હોય છે. પ્રેમી પંખીડા અને નવપરિણીત યુગલ તો મોસમના આ પહેલા વરસાદના આગમનથી તેમના જીવનમાં મેઘ ધનુષ્યના રંગો જાણે ફૂટી નીકળ્યા હોવાનો અનુભવ કરે છે. હાથમાં હાથ પરોવી યુગલ તળાવ, નદી, દરિયો કે રસ્તાને કિનારે ટહેલતા ચાલતા હોય છે. વરસતા વરસાદમાં શેકેલા મકાઇના ડોડા અને શેકેલી મગફળીના ફોફાની લહેજત માણવા લોકો ઘરની બહાર નીકળી આવે છે.

મોસમનો પહેલો વરસાદ અને ભીની માટીની મહેંક આપણા સહુના જીવનમાં આનંદ અને ઉલ્લાસનો અનુભવ કરાવે છે અને ઈશ્વર પ્રત્યેની આપણી શ્રધ્ધાને બેવડાવે છે. સૃષ્ટીની સધ્ધરતા અને જીવોની સૃષ્ટિ સાથેની તાદાત્મ્યતાની વર્ષાના આગમનની સાથે ઉજવણી થાય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ

---

NOG SS No : 114

વિભાગ : ગદ્ય

શબ્દ : આવ રે વરસાદ

શીર્ષકઃ દુષ્કાળ

શબ્દ સંખ્યા-૧૨૦

રચના-

ચારેકોર હાહાકાર મચી ગયો હતો.બે વર્ષથી વરસાદ પડયો ન હતો. જમીનમાં એક પણ અનાજનો દાણો ઉગ્યો નહતોં. ખેડૂતો નિરાધાર થઈ ગયા હતાં. દુષ્કાળે લોકોનો ભરડો લેવાનું શરૂ કર્યું હતું.અનાજ હવે ઘરોમાં ખૂટવા લાગ્યું હતું. પશુ-પંખીઓ પાણીનાં અભાવે મરવા લાગ્યાં હતાં. કાળઝાળ ગરમી વધી રહી હતી. લોકો ખાધા-પીધાં વગર હાડપિંજર જેવા થઈ ગયા હતાં. ક્યાંક મંદિરોમાં ભોજન વિનામૂલ્યે પીરસાતું હતું.લાંબી લાંબી લાઈનો ભોજન માટે ખડકાય જતી.

હજાર હાથવાળો રુઠ્યો છે. જમીનમાંથી તિરાડો ડોકિયા કરે છે.સૂરજ જાણે અગ્નિની જ્વાળોઓ ઓકી રહ્યો છે.

ગામમાં ચકલુંય ફરકતું નથી. " હાય રે ,હાય "કુદરત આ તે કેવી પરીક્ષા તારી.હવે તો મોકલો પ્રભુ વરસાદ,આવ રે વરસાદ,આવ રે વરસાદ.

કથીરીયા પ્રવિણા "પવી" નવસારી.

---

Nog.ss.No :73

વિભાગ. પદ્ય

શીર્ષક. વરસી પડું.

કવિતા..

હું ગગન બની વરસી પળુ સ્નેહ કરવા તુજને....<br>
જો તું બને ધરા તો આભમાંથી વરસી પડું સ્નેહ કરવા તુજને..<br>
બનું સ્નેહનું મીઠું ઝરણું ને કદી ધોધમાર વરસુ..<br>
છે ધરામાં ક્ષમતા મુજને ખમવાની તો<br>
બે સુમાર વરસુ....<br>
મેહકી જશે ઉપવન આખો ધરા તારો.<br>
કરું હું સહેજ જો અમી છાંટણોમારો<br>
ખીલી ઉઠશે ચારો કોર ધરા શ્રુગાર તારો..<br>
હું કરુંજો આભથી વરસાદ મારો..<br>
તુજને સ્નેહ કરવા ઘનઘોર બનું,ધરા<br>
વરસી પડું તુજ પર બે સુમાર ધરા..<br>
છે આલિંગનની અભિલાષા હરવક્ત<br>
ધરા તુજમાં સમાઈ જવાની ઈચ્છા છે હરવક્ત...<br>
એટલેજ વરસી પડું છું તુજ પર ધરા<br>
સાગરમાં સરિતાને મળવાની વાત છે ધરા..<br>
હું ગગન બની વરસી પડું તુજને સ્નેહ કરવાને ધરા...<br>
મહેકી ઉઠશે તારું તનબદન ધરા...

નયના પટેલ..નૈન.

## નક્ષત્રમાં લીધેલું ઔષધ ચોમાસામાં વાયુના રોગ થવા દેતું નથી

૨૨ જૂન, ૨૦૨૨ બપોરે ૧૧:૩૯ કલાકે આદ્રા નક્ષત્રમાં લીધેલું ઔષધ ચોમાસામાં વાયુના રોગ થવા દેતું નથી. વિ. સં. ૨૦૭૮માં જેઠ વદ - મંગળવાર સવારે ૧૧:૩૯ મિનિટે સૂર્ય આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરશે. સૂર્ય એક નક્ષત્રમાંથી બીજા નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારે સૃષ્ટિમાં પણ અણધાર્યા ફેરફાર આવતા હોય છે. જેમ આપણે એસી રૂમમાંથી બહાર આવીએ તો બહારના વાતાવરમણમાં આભ-જમીનનો ફરક હોય છે તે પ્રમાણે સૂર્ય આદ્રા નક્ષત્રમાં પ્રવેશ કરે ત્યારે હવામાં ભેજનું પ્રમાણ વધતું હોય છે અને તેથી અનેક પ્રકારના જીવોની ઉત્પત્તિ થતી હોય છે. જૈનોના સિદ્ધાંતો અદભુત અને સાયન્ટિફિક હોય છે. જૈનો આદ્રા બેસે પછી કેરીનો ત્યાગ કરતા હોય છે કારણ કે એ ક્ષણથી જ કેરીમાં તે જ આકારના અસંખ્ય જીવો ઉત્પન્ન થઈ જતાં હોય છે. આયુર્વેદમાં પણ ઋતુ પરિવર્તનના સંધીકાળમાં કલ્પનામાં પણ ન આવે એટલા સુંદર પ્રયોગો આપેલા છે. બપોરે ૧૧:૩૯ મિનિટે એક ચમચી દેશી ઘી સાથે આંબલીના કચૂકાના વજન જેટલી દેશી શુદ્ધ હિંગ થોડા સિંધવ સાથે જો ચાટવામાં આવે તો માત્ર ચોમાસાના ચાર મહિના નહીં પરંતુ બારેમાસ વાયુના રોગમાંથી મુક્તિ મળે છે. તે જ પ્રમાણે જેઠ મહિનામાં દર અઠવાડિયે એક વખત એમ કુલ ચાર વખત એરંડ ભૃષ્ટ હરિતકી એટલે કે સારા વૈદ્યરાજની પાસે એરંડના તેલમાં સાત વખત તળાયેલી હીમેજ લેવામાં આવે તો ઝીણો તાવ આવતો બંધ થઈ જાય છે.

ચૈત્ર સુદ - ૧ પડવેને દિવસે પણ લીમડાના પાંચ અંગો મૂળ, છાલ, પત્ર, મોર અને લીંબોળી સિંધવ અને મરી સાથે એક કપ જેટલી નયણે કોઠે લેવામાં આવે તો સમગ્ર વર્ષ દરમિયાન અનેક પ્રકારના રોગોમાંથી શરીરને મુક્તિ મળે છે. ઘણાં લોકો આખો ચૈત્ર મહિનો કે ૧૫ દિવસ આ કડવાશ લેતા હોય છે પણ અનુભવી વૈદ્યોના કહેવા મુજબ માત્ર પડવેને દિવસે આ પ્રમાણે ઔષધીનું આયોજન કરવાથી અમાપસમાપ ફાયદો થતો હોય છે. એક મત એવો પણ છે કે એકી સંખ્યામાં એટલે કે આ ઔષધ ૧, ૩, ૫ કે પાંદ દિવસ એકી સંખ્યાના દિવસો સુધી સળંગ લેવું જોઈએ.

આધુનિક વિજ્ઞાનના અનેક પથીઓના આક્રમણ સામે આયુર્વેદની અનેક પ્રકારની વિશિષ્ટ શક્તિઓ ઉપયોગમાં નહીં આવવાના કારણે વિસરાઈ રહી છે. જેમ કે આજકાલ સામાન્ય રીતે ગર્ભવતી સ્ત્રીઓને ઓપરેશન દ્વારા બાળક અવતરવાનું લગભગ કોમન થઈ ગયું છે પરંતુ જ્યારે ગર્ભવતી સ્ત્રીને વેણ ઉપડે ત્યારે દર્ભના ઘાંસનું મૂળ નાભીની નીચે એન્ટીક્લોકવાઈઝ એટલે કે અવળા આવર્તથી ફેરવવામાં આવે તો ઓપરેશન વગર સહેલાઈથી ડિલિવરી થઈ જતી હોય છે. જે અનેક લોકો આજે પણ અનુભવી રહ્યાં છે. અધેડાના વૃક્ષનું મૂળ પણ અંબોડામાં ખોસી દેવાથી ડિલિવરિ નોર્મલ થતી હોય છે, અને જેવી ડિલિવરી થાય કે તરત જ માથામાંથી તે મૂળ દૂર કરી દેવું અત્યંત જરૂરી છે. પોતાના જ વાળની લટ આંગળીમાં બાંધીને ઉપરના તાળવામાં ઘસવાથી પણ કુદરતી સુવાવડ થવાની શક્યતા બહુ ઉજળી રહે છે. વેણ ન ઉપડતું હોયતો પણ આયુર્વેદમાં અનેક પ્રકારના ઔષધિ અને ઉપાયો મૂકવામાં આવ્યા છે. પરંપરાગત કામ કરતી આપણી બાહોશ દાયણો આવું અદભૂત જ્ઞાન ધરાવે છે પરંતુ કેટલાક રાજ્યોમાં દાયણોને ડાકણ તરીકે ઉલ્લેખીને અને ગ્રામ્ય સ્ત્રીઓને ફરજિયાત સરકારી દવાખાનાઓ સુધી પ્રસુતિ માટે ઘસડી જવાના કારસાઓ ચાલે છે.

જેમને દાંત કે દાઢનો દુઃખાવો હોય તેને જાયફળના વૃક્ષના સાડાત્રણ પાન આપનારે વણબોલ્યા ચાવવા માટે જો આપે તો દાત પથ્થર જેવા મજબૂત થઈ જાય છે અને દાંતના અનેક રોગોમાંથી મુક્તિ મળે છે.

પારસ પીપળાના પાન ટૂંકા હોય છે. બીજો પીપળો ઉગાડી શકાય તેવો હોય છે. પરંતુ જો પીપળો પોતાની મેળે જ ઉગે છે તેના પાનની દાંડી લાંબી હોય છે અને તેની પૂંછડી પણ લાંબી હોય છે. દાંડી અને પૂંછડીની લંબાઈ લગભગ સરખી હોય છે તેવા પીપળાના લાંબા પાનવાળા વૃક્ષનું બે પાન તોડીને તેના દૂધના ટસીયા સાથે સાપ કરડનારના બન્ને કાન પાસે સ્પૃશ કરાવ્યા વગર રાખવાથઈ સાપનું ઝેર ઉતરી જતું હોય છે. પણ આ પ્રયોગ કરતી વખતે જેને સાપ કરડ્યો હોય તેના બન્ને હાથ - પગ મજબૂત માણસોએ પકડી રાખવા જરૂરી છે. કારણ એ સાપનું ઝેર ઉતરતી વખતે તેને સખત પીડા થશે તેથી તેને સ્થિર પકડી રાખવા જરૂરી છે. જો ઝેરી સાપ ન કરડ્યો હોય અથવા ઝેર ન ચડ્યું હશે તો જેમ જેમ ઝેર ઉતરતું જશે તેમ તેમ પીડા ઓછી થતી જશે અને છેલ્લે પીંડા સંપૂર્ણ બંધ થઈ જશે. ત્યારે સમજવાનું કે ઝેર પૂરેપૂરું ઉતરી ગયું. આ પ્રયોગ દરમિયાન પીપળાના પાનો ચીમળાઈ જાય અથવા તો કાળા પડી જાય એટલે તરત બદલીને નવા પાન લેવાના હોય છે.

ઔષધિ ગ્રહણમાં પણ મૂળિયાઓ બધા મૂળ નક્ષત્રમાં, શાખા - પ્રશાખાઓ વિશાખા નક્ષત્રમાં અને પુષ્પો બધા પુષ્ય નક્ષત્રમાં વિધિપૂર્વક ગ્રહણ કરવામાં આવતા હોય છે. ગ્રહણ કરવાના પૂર્વ દિવસે તે વૃક્ષોને નોતરું કે આમંત્રણની વિનંતી કરતા કેટલાક વિશિષ્ટ અનુષ્ઠાનો કર્યા પછી જો ઔષધિ ગ્રહણ કરવામાં આવે તો ઔષધિની અનેકવિધ રીતે તાકાત વધતી હોય છે.ચોરો જ્યારે ચોરી કરવા જાય ત્યારે પંખીઓની સાંકેતિક ભાષા તેમના નાના બાળકો પણ ઉકેલીને ચોરી કરવા જતા હોય છે. જેમ કે આજે માલ મળશે કે નહીં મળે કે ધોલધપાટનો માર મળશે કે નહીં તેની આગોતરી જાણ વડના વૃક્ષમાંથી બનાવેલ વિશિષ્ટ ઔષધિ દ્વારા થઈ જતી હોય ચે. ચોરોના સરદારે એક વખત એક સંતપુરુષ પાસે આ કબૂલાત કરી હતી કે વેશાખ સુદ - ૩ને દિવસે અમે ગાઢ જંગલમાં વડના વૃક્ષ ઉપર એક માટલું બાંધતાં હોઈએ છીએ અને બરાબર એની નીચે જમીન ઉપર એક અડધું તૂટેલું માટલું મૂકતા હોઈએ છીએ. ઉપરના માટલામાં એક નાનકડું છીદ્ર પાડેલું હોય છે જેમાંથી નીચેના માટલામાં ટપક ટપક પાણી પડતું હોય છે. ગાઢ જંગલમાં અનેક પશુ-પંખીઓ આ પાણીને બોટે છે. વડના વૃક્ષમાંથી પડતી ઝાંકળ કે વરસાદ આદિનું પાણી પણ આ નીચેના માટલામાં પડે છે અને સિંહ, વાઘ, વરુ સહિત સાપ, ચકલી કે કબૂતર પણ આ પાણી પીવા માટે આવે છે. બરાબર એક વર્ષ પછી અમારા નસીબ બળીયા હોય તો હિંસક પશુઓથી બચતા - બચતા અમે ગાઢ જંગલમાં એ માટલા પાસે જઈને જો એમાં કોઈ પાણી બચ્યું હોય તો એ લેતા આવીએ છીએ અને અમારા ઘરમાં જ્યારે બાળકનો જન્મ થાય ત્યારે ગળથુંથીમાં આ પાણી પીવડાવીએ છીએ જેથી તે બાળકને સહજ પશુ-પંખીઓની આ સાંકેતિક ભાષા આવડી જતી હોય છે.

અક્ષય તૃતિયા અને વડના વૃક્ષની આવી જુગલબંધી અલૌકિક છે. આજે પણ ભવ્ય ભારતની અંદર વિસ્વના રિનાઉન્ડ ચિકિત્સકોને ચેલેન્જ કરી શકે તેવા વિશિષ્ટ વૈદ્યરાજો ઉપલબ્ધ છે. પિતાની તબીયત સારી ન હોય અને પુત્ર ઔષધિ ગ્રહણ કરવા જાય તો પુત્રની નાડી જોઈને પિતાના રોગનું નિદાન કરવાવાળા ટલે કે દૂત નાડી જોઈને ઔષધિ આપવાવાળા વૈદ્યરાજો હજુ જીવે છે. આવો આવા અનેકવિધ પ્રયોગોને પુનર્જિવિત કરીએ અને આયુર્વેદની ખોવાયેલી પ્રતિષ્ઠાને પુનઃ પ્રસ્થાપિત કરીએ. આયુર્વેદમાં આવા અન્ય પ્રયોગોની કોઈને જાણકારી હોય તો મોબાઈલ પર લેખકને જણાવવા વાચકોને ખાસ નમ્ર વિનંતી છે.

લિ. અતુલકુમાર વ્રજલાલ શાહ (સી.એ.) (નં. ૯૩૨૪૪૭૦૦૫૪)

## ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે સુપોષણ અભિયાન અંતર્ગત
## ડોકટર સેલ તથા સુપોષણ અભિયાન ટીમ દ્વારા ૫૭૯ મંડળોમાં કુપોષિત બાળકો માટેના આગામી કાર્યક્રમ અંગે પત્રકાર પરિષદ યોજાઇ

ભારતીય જનતા પાર્ટી ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ એક અખબારી યાદીમાં જણાવે છે કે, આજે તારીખ ૧૭ જૂનના રોજ સુપોષણ અભિયાન અંતર્ગત ડોકટર સેલ તથા સુપોષણ અભિયાન ટીમ દ્વારા ૫૭૯ મંડળોમાં કાર્યક્રમ આપવામાં આવેલ છે તે અંગે પત્રકાર પરિષદ ગાંધીનગર પ્રદેશ કાર્યાલય શ્રી કમલમ ખાતે યોજવામાં આવી હતી. આ પત્રકાર પરિષદમાં પ્રદેશ મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલ, ડોકટર સેલના સંયોજકશ્રી ધર્મેન્દ્રભાઇ ગજ્જર,મહિલા મોરચાના ઉપાધ્યક્ષશ્રી ડો. શ્રદ્ધાબેન રાજપુત,પ્રદેશ મીડિયા વિભાગના કન્વીનરશ્રી ડો.યજ્ઞેશભાઇ દવે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રેસ કોન્ફરન્સને પ્રદેશના મહામંત્રીશ્રી રજનીભાઇ પટેલે સંબોધતા જણાવ્યું હતું કે,ભાજપ સેવા અને સંગઠનના માધ્યમથી વિવિધ કાર્યો કરે છે. દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે દેશમાં કુપોષણ બાળકો ન રહે તેનું સુચન કર્યુ છે. ગુજરાત રાજય સરકાર સતત કુપોષિત બાળકોને સુપોષિત કરવાની દિશામાં કાર્યરત છે ત્યારે ગુજરાત ભાજપ દ્વારા પણ પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબના માર્ગદર્શનમાં કાર્યકરો દ્વારા અભિયાનને વેગવંતુ કરવા પ્રયત્ન કરી રાજયના બાળકો સુપોષિત થાય તેવો પ્રયત્ન કરી રહ્યા છે. આ કાર્યક્રમ હેઠળ ભૂતકાળમાં ભાજપ પાર્ટી દ્વારા કુપોષિત બાળકો માટે બાળઆહાર ની કિટોનું વિતરણ કરવામાં આવ્યું હતું આજે પ્રોટીન આહાર સમગ્ર ગુજરાતમાં પહોંચાડવામાં આવશે.

## અભિનેતા વરુણ ધવન અને કિયારા અડવાણીએ ફિલ્મના પ્રમોશન માટે
## સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાત લીધી અને વિદ્યાર્થીઓ સાથે ચર્ચા કરી

અમદવાદ : ૧૭ જૂન ૨૦૨૨: અભિનેતા વરુણ ધવન અને કિયારા અડવાણીએ તેમની આગામી ફિલ્મ 'જુગ્જુગ જીયો'ના પ્રચાર માટે સ્વર્ણિમ સ્ટાર્ટ-અપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીની મુલાકાત લીધી હતી. યુનિવર્સિટી, પ્રશંસકો અને કેમ્પસમાં હાજર વિદ્યાર્થીઓ તરફથી બંનેનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. સ્વર્ણિમ સ્ટાર્ટઅપ એન્ડ ઈનોવેશન યુનિવર્સિટીના ફાઉન્ડર અને પ્રેસિડેન્ટ શ્રી ઋષભ જૈને બંને અભિનેતાઓને યુનિવર્સિટીના સ્મૃતિચિહ્નો અને સ્વર્ણિમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈનના વિદ્યાર્થીઓ દ્વારા ડિઝાઈન કરેલ પોર્ટ્રેટ(ચિત્ર) દ્વારા સન્માન કરવામાં આવ્યું.

અભિનેતાઓએ કેમ્પસમાં હાજર વિદ્યાર્થીઓ અને ચાહકો સાથે વાર્તાલાપ કરતા એક અદ્ભૂત માહોલનું સર્જન કર્યું હતું. તેમની કારકિર્દીમાં તેમના ફિલ્મી અનુભવો વિશે વાત કરી. તેઓએ જુગજુગ જીયોના સેટ પરથી તેમના શૂટ દરમિયાનની મજાની પળો પણ શેર કરી હતી જેણે ચાહકોની ઉત્સુકતામાં વધારો કર્યો હતો. સ્વર્ણિમ યુનિવર્સિટી કેમ્પસમાં વિદ્યાર્થીઓ તેમના મનપસંદ કલાકારોને મળીને અને તેમની સાથે થોડો સમય વિતાવીને આનંદિત થયા હતા. કલાકારોએ અભિનેતાઓ સાથે વાર્તાલાપ કર્યો અને તેમને નવીન ટેક્નોલોજી અને સ્ટાર્ટઅપ્સમાં નવીનતા લાવવા પર ભાર મુક્યો, જે બોલીવુડ અને ભારતીય સિનેમાને ઉન્નત કરી શકે.




તા.૨૧ જૂન ૨૦૨૨ મંગળવાર સવારે ૧૧-૦૦થી ૧૨-૩૦ દરમ્યાન વિશ્વ યોગ દિવસની ઊજવણી ગાયત્રી પરિવાર નારણપુરા અને પતંજલિ યોગ સમિતિ ગુજરાતના સહયોગ દ્વારા નવા વાડજ વિસ્તારમાં અખબાર નગર સર્કલ પાસે આવેલ સ્મિત ચાઈલ્ડ એજ્યુકેશન સંસ્થાના મનોદિવ્યાંગ બાળકોની વચ્ચે રહીને તેઓને પ્રોત્સાહિત કરી આનંદ-ઉલ્લાસ પૂર્વક યોગ દ્વારા કરાવવામાં આવશે અને વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક ફૂલસ્કેપ ચોપડાનું વિતરણ કરવામાં આવશે ત્યારબાદ ગાયત્રી પરિવાર નારણપુરા તરફથી મઝાનું ભોજન પણ પીરસવામાં આવશે.

## રાજુ રદી કાગડોળે, ગીધડોળે, ગરૂડડોળે, સમડીડોળે, ઘુવડડોળે ઈડીની તપાસની બીજી નોટિસની પ્રતીક્ષા કરે છે!!!

ખાખી પરબીડિયામાં આવેલ કાગળ જોઇને રાજુ રદીના આનંદનો પાર ન રહ્યો. પ્રેમિકાના પરવાળા જેવા રસીલા ઔષ્ઠને ચૂમતો હોય તેવી કામોતેજક અદાથી ખરબચડા, રૂક્ષ,શુષ્ક, બદબુદાર, વિષાણુયુકત પરબીડિયાને જોર જોરથી ચૂમતો રહ્યો પહેલી ધારનો પીધા વગર ઓમપ્રકાશ કે જહોની વોકરની જેમ ઝૂમ ઝૂમ બરાબર ઝૂમતો રહ્યો, નાચતો રહ્યા.દેવી શપ્તસતિમાં રકતબીજના નાશ પછી માતૃગણો ઉન્નત થઇ નર્તન કરેલ તેમ રાજુ નર્તન કરવા મંડયો!!

એક સંભાવના વિચારીએ કે કોઇ છોકરીના બાપને રાજુ ગમી ગયો હોય( એ મોટાભાઇ શું ચલાવો છો તમે? છોકરીના બાપને રાજુ ગમે એમ કહો એટલે બંને જણા જુલિયસ સિઝરની પત્ની હોય તો પણ શંકાના પરિઘમાં આવે . સમજણ પડી મોટા?)છોકરીને રાજુ ગમવો જોઇએ!! આવું કાંઇક હોય તો પણ ખાખી પરબીડિયું ન આવે.ઈનલેન્ડ લેટર-અંતર્દેશીય પરબીડિયું, પોસ્ટકાર્ડ કે બટેટિયા પીળા કલરનું પરબીડિયું આવે. ખાખી પરબીડિયામાં નોકરી મળવા કે નોકરી છૂટવાના સમાચાર આવે!!!

રાજુને પાછું અંગ્રેજી પીવામાં ફાવટ. કોઇ ડાઉટ?પણ ખાટલે મોટી ખોડ એ કે અંગ્રેજી વાંચતા ન આવડે!!

રાજુ મારી પાસે આવ્યો. ખાખી પરબીડિયું મને ધર્યું.

"શું છે?"મેં પૂછયું.

" શું છે એની તો રામાયણ છે." રાજુ રદીએ જવાબ આપ્યો.મેં રાજુને કવર ખોલવા કહ્યું.

રાજુએ કવર ખોલી કાગળ મને આપ્યો. કાગળ જોઇને હું હબક ખાઇ ગયો. ઈડીની નોટીસ હતી. એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટની નોટીસ . (એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટનો ગુજરાતી સમાનાર્થી શબ્દ નથી. હિન્દીમાં પ્રવર્તન નિદેશાલય કહે છે.વર્તન, ગેરવર્તન, સદવર્તન શબ્દો જાણીતા છે. ગબ્બરસિંહની જેમ ક્રૂર , નિર્મમ , નિર્દય તરીકે વગેવાયેલ સરકારી તોતા છે. સેમ ટુ સેમ સીબીઆઈ!! )હમ કભી રાજુ કો દેખતે, કભી હમ નોટીસ કો દેખતે !!

મેં રાજુને કહ્યું ," રાજુ ઈડીએ પૂછપરછ કરવા તને ૧ લી જુલાઈએ બોલાવ્યો છે."

રાજુ આનંદથી ઉછળી પડ્યો. કંદોઈને ત્યાં જઇ પંદર કિલો પેંડા - કાજુકતરી લઇ આવ્યો.બધાને વધામણી આપી . નોટીસની ખુશાલીમાં પેંડા વહેંચ્યા.

રાજુ રદી મિત્ર પાસેથી કોટ-પેન્ટ, ટાઇ લઇ આવ્યો. ઈડીની ઓફિસે લેંધાસદરામાં જઈએ તો ઈડીની આબરું ન જાય, કોઇ એસી ચાલુ કરો.રાજુની માએ રાજુના કપાળમાં કુમકુમ તિલક કર્યું. અક્ષત ચોંડયા. બે હાથના ટચાકા ફોડી ઓવારણા લીધા. રાજુ રદી ૧૨.૩૯ના વિજય મુહૂર્તે સ્વગૃહેથી સંચર્યો. કુંવારીકા-ગાયનું શુકન મેનેજ કર્યું!!વિનોબા ટ્રાવેલ્સના કાયમી મુસાફર એવા રાજુ રદીએ ઈડી દફતરે જવાનું હોવાથી પદરના ખર્ચે ટેકસી કરી. સાંજે તો સીટીબસ છે જ!!

રાજુ રદી નોકરી માટે ઈન્ટરવ્યુમાં જતો હોય તેવા પોઝીટીવ ભાવથી ઉત્સાહથી ઈડી દફતરે આવ્યો. કચેરી ખોલવાનો સમય થયો ન હતો. વેકેશન પૂરું થાય અને સ્કૂલો શરૂ થાય ત્યારે છોકરા કરતાં વાલીઓની ભીડ વધુ હોય તેમ જેમની તપાસ થવાની હતી તેનાથી કમ્પાઉન્ડ ભરાઇ ગયેલ. જે લોકો પુસ્તકાલયમાં બેસીને સ્પર્ધાત્મક પરીક્ષા માટે ચોટલી બાંધીને તૈયારી કરતા હોય તે લોકો પુસ્તકાલયનો દરવાજો ખુલે કે દાખલ થવા માટે ખરતી ઉલ્કા જેમ પૃથ્વી તરફ પ્રચંડ વેગથી ધસે તેવા વેગથી ઘૂસતા હોય છે. સિંગલ થિયેટરમાં પણ લાલાયિત દર્શકો આવી જ રીતે ઘૂસતાં હોય છે!!!

ઈડી દફતરમાં પોલીસ જેવા દેખાતા સિકયોરિટીએ તેના હાથમાં રહેલા લિસ્ટમાંથી નામ બોલીને કોણ કોણ હાજર છે અને કોણ ગેરહાજર છે તેની વિગતો તૈયાર કરી.રાજુની પહેલી પૂછપરછ પૂરી થઇ!!રાજુ કંમ્ફર્ટેલ હતો!!!

રાજુ અને બીજા બધા ક્યાંથી કોન્ફરન્સ હોલમાં ગયા. સૌને બેસવા માટે પૂરતી વ્યવસ્થા હતી.બધા ગોઠવાઇ ગયા. બધાની નોટીસની ખરાઇ કરાઇ. સેવક બધાને પાણીની બોટલ આપી ગયો. હિમાલય બ્રાંડની મોંઘા ભાવની બોટલ હતી. કોઇ કારકુન જેવો માણસે પોલાઇટલી પૃચ્છા કરી "સર આપ કયાં લેંગે? કોલ્ડ યા હોટ?"આ કદાચ બીજીવારની પૂછપરછ હતી. રાજુ આ પ્રકારની રાજુને લાગ્યું કે લોકો ઈડીને નાહક વગોવે છે!! ઈડીની તપાસ રોકેટસાયન્સ થોડી છે??ચાનાસ્તા લંચ વચ્ચે રાજુના આધારકાર્ડ, પાનનંબર, નીલ આઇટી રિટર્ન, લાઇટબીલ, પ્રોપર્ટીટેક્સ, નિશુલ્ક રાશન વિતરણની પરચૂરણ વિગતો અંગે આકરી પૂછપરછ થઇ પણ ખરી!!

ચા-પાણી-કુકીજને રાજુએ ન્યાય આપ્યો.

આમ,બેત્રણ કલાક પસાર થયા .પાછો કોઇ જુનિયર ઓફિસર લંચમાં પંજાબી ફાવશે કે ગુજરાતી થાળી? એમ પૂછી ગયો. આ પૂછપરછ મોંમાં પાણી લાવી ગઇ. અગાસિયેમાંથી લંચ આવી ગયું. રાજુએ દાબી દાબીને ખાધું. વામકુક્ષિ માટે રેસ્ટરૂમ તૈયાર હતો. રાજુએ વામકુક્ષિને બદલે બે કલાકની ફસર્ટ કલાસ ઊંઘ ખેંચી નાંખી!!

રાજુ ઊંઘમાંથી જાગ્યો કે કુકીજ-જ્યુસ-ચા તૈયાર જ હતા. એમને ન્યાય આપ્યા સિવાય છૂટકો હતો?? રાતનું ડિનર મેરિયેટમાથી આવ્યું.સૌને કન્વેન્યન્સ તરીકે રૂપિયા ચાર હજાર રોકડા આપ્યા.તપાસમાં સહકાર આપવા માટે ગોલ્ડન અક્ષરે લખેલ મોનેન્ટો આપ્યો. પાછું વિઝિટ અગેઇન અને બેસ્ટ ઓફ લક પણ કહ્યું.!!ખરેખર ઈડીવાળાનો ત્રાસ હોય છે એમ રાજુ રદીએ વિચાર્યું પણ ખરૂં!!

દિવસ પૂરો થયો કે અવર નિયામકે બે હાથ જોડી કહ્યું," આગતાસ્વાગતામાં કોઇ કમી રહી ગઇ હોય તો માફ કરશો!! થોડુંક ફંડ કન્સટ્રેન્ટ છે."

તમે માનશો ?સતત ચાર દિવસ એટલે કે ૯૬ કલાક ઈડીએ રાજુ રદીનું રિગરરિયસ ઈનિસ્ટ્રોગેશન કર્યું. જેમાં રાજુ રદીનું વજન ૨૦ કિલો વધી ગયું!!

રાજુ કાગડોળે, ગીધડોળે, ગરૂડડોળે, સમડીડોળે, ઘુવડડોળે ઈડીની તપાસની બીજી નોટિસની પ્રતીક્ષા કરે છે!!!

ભરત વૈષ્ણવ

---

છીએ

પૂંછડે પકડીએ તો બાંડા છીએ,<br>
શિંગડે પકડીએ તો ખાંડા છીએ.

મૃગજળમાં માછલી,હોડી તરાવે, કહે અમે કયાં ડાહ્યા? ગાંડા છીએ.

કહેવત છે કે અધૂરા ઘડા છલકાય , છલકાય ન એવા કયાં હાંડા છીએ?

ખુદની જાત જાળવાતી નથી છતાં, જયાં ત્યાં કામિયાબીના ઝંડા છીએ

કોઈને મદદ કરો, કોઈને નડો જ નહીં , બોલી આવા સરળ સીધા ફંડા છીએ.

ભરત વૈષ્ણવ

## બાપુ બગડ્યા



કેન્દ્ર સરકાર દ્વારા અગ્નિપથ યોજના જાહેર કરવામાં આવી અને દેશભરમાં તોફાનો બિહારથી ફાટી નીકળ્યા. પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પૂર્વ ગુજરાતના મુખ્યમંત્રી શ્રી શંકરસિંહ વાઘેલા આજે કેન્દ્ર સરકારની આ સ્કીમ બાબતેનો એ બળાપો કાઢતા જણાવ્યું કે દેશના યુવાનોને આ અગ્નીવિર યોજના તેમની અગ્નિ પરીક્ષા બરાબર છે. જેથી દેશના યુવાનો આ યોજનામાં જોડાવવું જોઈએ નહીં.

### શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સંચાલિત

## કૌશલ્યા - ધ સ્કીલ યુનિવર્સિટી ત્રિ દિવસીય વેબિનાર અને એજ્યુકેશનલ એક્ષ્પોનો પ્રારંભ

ગુજરાત સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ સંચાલિત કૌશલ્યા-ધ સ્કીલ યુનિવર્સિટી દ્વારા આજે અમદાવાદ ખાતે ત્રિ-દિવસીય કેરીઅર કાઉંસેલીંગ અને એજ્યુકેશનલ એક્ષ્પોનો પ્રારંભ કરવામાં આવ્યો છે. જેમાં પ્રારંભિક ઉદઘાટન બાદ વિવિધ વિષયો પર તજજ્ઞો દ્વારા વિદ્યાર્થીઓને કેરીયર કાઉંસેલીંગ કરવામાં આવ્યું હતું અને માર્ગદર્શન કરવામાં આવ્યું હતું.

કૌશલ્યા-ધ સ્કીલ યુનિવર્સિટી ના આગામી પ્રવેશ સત્ર ૨૦૨૨-૨૩નો પ્રારંભ થઈ રહ્યો છે એવા સમયે આ યુનિવર્સીટીમાં ભણાવવામાં આવનારા અભ્યાસક્રમોની વિગતવાર સમજ ધોરણ ૧૦, ૧૨ અને ITI ના યુવાનોને મળે અને કેરીયર પસંદગીમાં યોગ્ય માર્ગદર્શન મળી રહે તે સંદર્ભે આજથી ત્રિ દિવસીય કૌશલ્યા-ધ સ્કીલ યુનિવર્સિટી દ્વારા મહાત્મા ગાંધી લેબર ઈન્સ્ટિટ્યૂટ, મેમનગર ખાતે કરિયર કાઉન્સેલિંગ અને એજ્યુકેશનલ એક્ષ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. જે તારીખ ૧૭, ૧૮ અને ૧૯ એમ ત્રણ દિવસ ૧૧:૦૦ વાગ્યાથી ૬:૦૦ કલાક સુધી મુલાકાતીઓ માટે ખુલ્લો રહેશે.

આ કાઉન્સેલિંગ કાર્યક્રમમાં કૌશલ્યા-ધ સ્કીલ યુનિવર્સિટીના શૈક્ષણીક ભાગીદારો દ્વારા ચલાવવામાં આવનારા અભ્યાસક્રમોની વિગતવાર રૂપરેખા તેમજ આ અભ્યાસક્રમ કર્યા બાદ રોજગારીની તકો વિશે વિસ્તૃત માહીતી આપવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં શ્રમ કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના અગ્ર સચિવ શ્રીમતી ડૉ.અંજુ શર્મા, ગુજરાત સેકન્ડરી અને હાયર સેકન્ડરી એજ્યુકેશન બોર્ડના આસિસ્ટન્ટ સેક્રેટરી શ્રી પુલકિત જોશી, રોજગાર અને તાલીમ કચેરીના નાયબ નિયામક શ્રી વી એસ ચંપાવત, રજીસ્ટ્રારશ્રી એચ.આર સુથાર, ચીફ સ્કિલ કોર્ડિનેટ- કૌશલ્યા ધ સ્કિલ યુનિવર્સિટી શ્રી પંકજ મિસ્ત્રી તથા કેરિયર કાઉન્સેલર શ્રી મોહિત મંગલ ઉપસ્થિત રહ્યા હતા.

### મુખ્યમંત્રીશ્રીએ અમદાવાદ પશ્ચિમ લોકસભા વિસ્તારની સાંસદ ખેલ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને પારિતોષિક આપી પ્રોત્સાહિત કર્યા

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં અમદાવાદના ટ્રાન્સ્ટેડિયા ખાતે સાંસદ ખેલ સ્પર્ધાનો સમાપન સમારોહ સંપન્ન

## પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના રચનાત્મક પ્રયાસોને પરિણામે દેશના ખેલ-કૂદ ક્ષેત્રમાં ફળદાયી બદલાવ આવ્યાઃ-મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના રચનાત્મક પ્રયાસોને પરિણામે દેશના ખેલ-કૂદ ક્ષેત્રમાં ફળદાયી બદલાવો આવ્યા છે. જેનું ઉત્કૃષ્ટ ઉદાહરણ સાંસદ ખેલ સ્પર્ધા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફિટ ઈન્ડિયા મૂવમેન્ટને વેગ આપવાના હેતુથી સાંસદ ખેલ સ્પર્ધા શરૂ કરાવી છે, તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદના ટ્રાન્સ્ટેડિયા ખાતે સાંસદ ખેલ સ્પર્ધાના સમાપન સમારોહમાં ઉપસ્થિત રહી ખેલ સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને પારિતોષિક આપી પ્રોત્સાહિત કર્યા હતા. અમદાવાદ પશ્ચિમના સાંસદ ડૉ. કિરીટ સોલંકીના સંસદીય મતક્ષેત્ર મા આ સાંસદ ખેલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું

આ સ્પર્ધામાં ૧૧ જેટલી વિવિધ રમતોમાં ૫૦૦ થી વધુ ખેલાડીઓ-સ્પર્ધકો સહભાગી થયા હતા. એટલું જ નહિ, દિવ્યાંગ વ્યક્તિઓ માટે પણ રમતોનું આયોજન આ સ્પર્ધા અંતર્ગત કરવામાં આવ્યું હતું. તેનું પ્રથમ ચરણ ગત તા. ૮ મી મે એ યોજાયું હતું અને આજે તા.૧૭ જૂને શુક્રવારે દ્વિતીય ચરણમાં ફાયનલ ટૂર્નામેન્ટ સાથે તેની પૂર્ણાહુતિ સંપન્ન થઇ હતી

આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે, ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરાવેલો ખેલમહાકુંભ આજે રાષ્ટ્રીય સ્તરે ખેલો ઈન્ડિયા સ્વરૂપે પ્રસ્થાપિત થયો છે. યુવાનો મોબાઈલમાં વ્યસ્ત રહીને સમય બગાડે તેના બદલે આવી સ્પર્ધામાં ભાગ લઇ સ્વસ્થ રહી શકે છે, સ્પોર્ટ્સ ક્ષેત્રે આગળ વધી શકે છે. જીવનની ઘણી સમસ્યાઓના ઉકેલો રમતના મેદાનમાંથી મળતા હોય છે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, જલેબી-ગાંઠિયા અને ઢોકળા ખાનારા તરીકેની ગુજરાતીઓની છાપ ગુજરાતના રમતવીરોએ હવે ભૂંસી નાખી છે. ગત ઓલિમ્પિકમાં ગુજરાતની ૬ મહિલા ખેલાડીઓએ ભાગ લઇ ગુજરાત અને દેશનું ગૌરવ વધાર્યું છે. સાંસદ ખેલસ્પર્ધાની વિવિધ રમતોમાં હિસ્સો લઈને વિજેતા થનાર રમતવીરોને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે પ્રોત્સાહિત કર્યા હતા. ટોક્યો ઓલિમ્પિકના બ્રોન્ઝ મેડલ વિજેતા કુસ્તીબાજ બજરંગ પુનિયાએ પણ ખેલાડીઓ સાથે મુલાકાત કરી તેમનો અનુભવ જણાવ્યો હતો. આ પ્રસંગે અમદાવાદ (પશ્ચિમ) લોકસભા મત વિસ્તારના સાંસદ ડૉ. શ્રી કિરીટભાઈ સોલંકીએ કહ્યું હતું કે, પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રમતવીરોને ખૂબ પ્રોત્સાહન આપ્યું છે જેના પરિણામરૂપે આંતરરાષ્ટ્રીય સ્તરે રમતવીરો શ્રેષ્ઠ પ્રદર્શન થકી દેશને મેડલ અપાવી ગુજરાત અને દેશનું નામ રોશન કરી રહ્યા છે. સાંસદ ખેલ સ્પર્ધાનું બીજી વખત સફળતાપૂર્વક આયોજન થવા બદલ તેમણે ખેલાડીઓ, આયોજનમાં સહયોગી સ્ટાફ અને નાગરિકો સૌનો આભાર વ્યક્ત કર્યો હતો. આ કાર્યક્રમમાં સામાજિક ન્યાય અધિકારીતા મંત્રી શ્રી પ્રદીપ પરમાર, અમદાવાદ પૂર્વના સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, અમદાવાદ શહેરના મેયર શ્રી કિરીટભાઈ પરમાર સહિત અમદાવાદ શહેરના ધારાસભ્યો, પદાધિકારીઓ તથા આગેવાનો અને રમતપ્રેમી લોકો તેમજ ખેલાડીઓ ઉપસ્થિત રહ્યા હતા

## નિસર્ગ સાયન્સ સેન્ટર ધ્વારા વિદ્યાર્થીઓને પ્રિય એવા “સન્ડે સાયન્સ સ્કૂલ”નો પ્રારંભ

વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય તથા તેમની જીજ્ઞાશા વૃતિ સંતોષાય તે પ્રકારની પ્વૃંતીઓ તથા કાર્યક્રમો માટે ગુજરાત સરકારે દરેક જીલ્લામાં વિજ્ઞાન કેન્દ્રો શરુ કર્યા છે. નિસર્ગ કોમ્યુનિટી સાયંસ સેન્ટર એ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેક્નોલીજી માન્ય ગાંધીનગર જીલ્લાનું જિલ્લા કક્ષાનું સાયન્સ સેન્ટર(લોક વિજ્ઞાન કેન્દ્ર) છે. આ સેન્ટરનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વિજ્ઞાન પ્રત્યે પ્રેરિત કરવા તથા સમાજમાં વિજ્ઞાન અને ટેકનોલોજીનો પ્રચાર અને પ્રસાર કરવાનો છે. છેલ્લા ૨૫ વર્ષ થી આ સાયન્સ સેન્ટરનો અનેક વિદ્યાર્થીઓએ ડોક્ટર,એન્જીનીયર,વૈજ્ઞાનિક જેવા અનેક ક્ષેત્રોમાં જડહળતી સિદ્ધિઓ મેળવી છે.આ સેન્ટરના માર્ગદર્શન નીચે અત્યાર સુધીમાં ૩૦ જેટલા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય કક્ષાએ બાલ વૈજ્ઞાનિકનો એવોર્ડ મેળવવામાં સફળ થયા છે. વધુમાં વધુ વિદ્યાર્થીઓ વિજ્ઞાન કેન્દ્રની પ્રવૃત્તિમાં જોડાઈને વિશિષ્ટ સિદ્ધિઓ હાંસલ કરી શકે તેવા પ્રયત્નો આ સાયન્સ સેન્ટર ધ્વારા કરવામાં આવે છે.

આ સેન્ટર ધ્વારા શરુ કરવામાં આવેલ સન્ડે સાયન્સ સ્કુલ કાર્યક્રમનો દર રવિવારે રાજાના દિવસે ઘણા બધા વિદ્યાર્થીઓ લાભ લે છે જેમાં તેમના વિજ્ઞાન વિષયમાં આવતા આશરે ૪૦ જેટલા પ્રયોગો વિદ્યાર્થીઓ વર્ષ દરમિયાન જાતે કરતા હોય છે અને પ્રયોગો ધ્વારાજ વિજ્ઞાન વિષય શીખતા હોય છે.

આ વર્ષના સન્ડે સાયન્સ સ્કૂલનો પ્રારંભ ૨૬/૦૬/૨૦૨૨, રવિવારથી થશે. જેમાં ધોરણ-૮ માટે સવારે ૯:૦૦ થી ૧૦:૦૦, ધોરણ-૯ માટે સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦, ધોરણ-૧૦ માટે સવારે ૧૧:૦૦ થી ૧૨:૦૦, તથા ધોરણ-૫ માટે બપોરે ૨:૦૦ થી ૦૩:૦૦, ધોરણ-૬ માટે બપોરે ૦૩:૦૦ થી ૦૪:૦૦, ધોરણ-૭ માટે બપોરે ૦૪:૦૦ થી ૦૫:૦૦ રાખવામાં આવ્યો છે. આ કાર્યક્રમની સાથે સાથે વર્ષ દરમિયાન વિવિધ સ્પર્ધાઓ જેવી કે નેશનલ સાયન્સ સેમીનાર, સાયન્સ ક્વીઝ, નેશનલ સાયન્સ ડ્રામા ફેસ્ટીવલ,નેશનલ રૂરલ આઈ.ટી.ક્વીઝ, STEM ક્વીઝ,રાષ્ટ્રીય બાલ વિજ્ઞાન પરિષદ જેવી રાજ્ય તેમજ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધાઓ વિષે માર્ગદર્શન પણ વિદ્યાર્થીઓને મળી રહેશે. આવી સ્પર્ધાઓ માટે જીલ્લા કક્ષાની સ્પર્ધાનું આયોજન સાયન્સ સેન્ટર ધ્વારા કરવામાં આવે છે. આ કાર્યક્રમમાં ગાંધીનગરની કોઈ પણ શાળાના ધોરણ ૫ થી ધોરણ ૧૦ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાઈ શકે છે.આ કાર્યક્રમમાં માર્યાદિત સંખ્યામાંજ વિદ્યાર્થીઓ લેવાના હોવાથી સત્વરે નોધણી કરાવવા જણાવવામાં આવે છે. વધુ માહિતી માટે નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,બ્લોક નંબર:૬૧/૧, ઘ-ટાઈપ,સેક્ટર-૨૩,લગ્નવાડી પાસે,ગાંધીનગર.નો સંપર્ક કરવો અથવા મો.નંબર: ૯૪૨૬૬૩૫૨૧૫ પર સંપર્ક કરવો.

## પાટીદારોએ લોક કલ્યાણની ભાવનાથી સર્વ સમાજનું ધ્યાન રાખ્યું છે -ડો.કેશુભાઈ દેસાઈ

કડી,તા.૧૭

અમદાવાદમા ૭૫ વર્ષથી કાર્યરત ધરતી વિકાસ મંડળ દ્વારા સામાજિક જાગૃતિ માટે પ્રકાશિત કરાતા ધરતી સામાયિકને અમૃત પર્વની ઉજવણીના વર્ષમાં વૈવિધ્યસભર સભર બનાવવાના ઉદ્દેશ્યથી આયોજિત કરાયેલા લેખક સંમેલનમા કટાર લેખકો, કવિઓ, સાહિત્યકારો, બાલસાહિત્યકારો,નાટ્ય લેખકો સહિત નવોદિત સર્જકોને આમંત્રિત કરાયા હતા.

સૌરાષ્ટ્રના લોકપ્રિય સંનિષ્ઠ કેળવણીકાર મનસુખ સલ્લાના અધ્યક્ષ સ્થાને યોજાયેલા લેખક સંમેલનને સંબોધતા જાણીતા સાહિત્યકાર ડો.કેશુભાઈ દેસાઈએ દેશવિદેશમાં ખ્યાતિ મેળવી ઉત્તમ સેવાકાર્યોમાં યશસ્વી યોગદાન આપી પરિવાર, સમાજ, વતન,રાજ્ય અને રાષ્ટ્રનું ગૌરવ વધારનાર પાટીદાર સમાજની ગૌરવગાથા પ્રસ્તુત કરી પ્રેરણાસ્ત્રોત બનેલા સમાજના દ્રષ્ટીવંતા સાહસિક આગેવાનો,સમાજ સુધારકો, કેળવણીકારો, રાજકીય અને સહકારી ક્ષેત્રના પીઢ નેતાઓ,અગ્રણી ઉધોગપતિઓ, દાનવીર દાતાશ્રીઓ તેમજ સાહિત્યના ક્ષેત્રમાં નામના મેળવનારા પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર અને પિતાંબર પટેલના યોગદાનની પ્રશંસા કરી જણાવ્યું હતુંકે વિશ્વની સૌથી પ્રગતિશીલ પ્રજા એ પાટીદાર છે એનું ગૌરવ દરેકે લેવું જોઈએ.પાટીદાર સમાજે ગુજરાત અને દેશને ઘણું બધું આપ્યુંછે.પાટીદાર એ સાચા અર્થમાં ધરતીપુત્રછે એટલેજ એ જન્મજાત દાતાછે.આપવામાં એનો હાથ હમેંશા ઊંચો રહ્યોછે.પોતાની સંપત્તિ પર પોતાનો અધિકાર માનતો નથી એ સાચો પાટીદાર છે.

### શ્રી સ્વામીનારાયણ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ભાટ ગાંધીનગર ખાતે

## સ્વતંત્રતાનો અમૃત મહોત્સવ હેઠળ રાષ્ટ્રીય લેવલની કોમ્પિટિશન અને નિષ્ણાતો દ્વારા એક્સપર્ટ ટોક ની સીરીઝ નું આયોજન કરવામાં આવ્યું



શ્રી સ્વામીનારાયણ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી ભાટ ગાંધીનગર ખાતે સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૨ અંતર્ગત વિજ્ઞાન ગુર્જરી , કર્ણાવતી, ગાંધીનગર યુનિટ ના માર્ગદર્શન હેઠળ સ્વતંત્રતા નો અમૃત મહોત્સવ હેઠળ રાષ્ટ્રીય લેવલની કોમ્પિટિશન અને નિષ્ણાતો દ્વારા એક્સપર્ટ ટોક ની સીરીઝ નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનાં ભાગ રૂપે આજ રોજ એસ એસ આઈ ટી , ભાટ ,ગાંધીનગર ના ઇજનેરી શાખાના ૧૫૦ થી વધુ વિદ્યાર્થીઓ અને અધ્યાપક મિત્રો અને વિદ્યાર્થી ઓએ ભાગ લીધો હતો. આ એક્સપર્ટ ટોક માં મુખ્ય વક્તા તરીકે ડો. સુજોય ચૌધરી (ડીન , રિસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ ઈન્ડસ યુનિવર્સિટી) દ્વારા ટર્બોચાર્જર વિષય પર વિશેષ વ્યક્તત્વ આપવામાં આવ્યું હતું તથા ડો.વિજયકુમાર ગઢવી દ્વારા વિજ્ઞાન ગુર્જરી અને સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૨ ની માહિતી તેમજ રૂપરેખા આપવામાં આવી હતી .

આ કાર્યક્રમના ભાગરૂપે એસ એસ આઈ ટી કોમ્પ્યુટર વિભાગના વડા ડો. વિજયકુમાર ગઢવીએ જણાવ્યું હતું કે આ કાર્યક્રમનો મુખ્ય હેતુ ભારતીય વિજ્ઞાન ની વારસાગત પારંપારિક ભૌતિક અને આધ્યાત્મિક સમજ કેળવી ને તેને સમાજ સુસંગત અને ફળદાયી બનાવવું .સ્વદેશી વિચારધારા ચળવળને પ્રોત્સાહિત અને માનવસર્જિત કરી તેનું સાંપ્રત વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી કરણ સાથે સંકલન કરવું. વિજ્ઞાન નો લાભ જનસમુદાયને પ્રાદેશિક ભાષામાં મળે તે માટેનો પ્રયત્ન કરવો. દેશના પ્રાચીન યુગના વૈજ્ઞાનિકોના પ્રધાનને અર્વાચીન યુગના સાપેક્ષમાં મુલવણી કરવી .વિજ્ઞાનના મૂળભૂત દેશો ને અનુલક્ષી યુવાનો તેમજ બાળકોમાં વિજ્ઞાન પ્રત્યે અભિરુચિ અને રસ કેળવવા સંશોધન અને વિકાસ સાથે સંકળાયેલી સંસ્થાઓ સાથે વૈજ્ઞાનિક માહિતીનું આદાન-પ્રદાન વિજ્ઞાન ની ઓળખ અને ઝાંખી અંગે ધ્યાન આકર્ષિત કરવું .ઓછી શક્તિ લઘુતમ રોકાણ તથા ઓછામાં ઓછી કાર્યશક્તિ થી વિકસિત પ્રતિયોગિતા વિકાસનો મહત્તમ લાભ ગ્રામ્ય સ્તરે જરૂરિયાતને અનુલક્ષીને મળી રહે તેવા પ્રયત્નો કરવા .શાળામાં શાળામાં વિજ્ઞાન ને લગતા શૈક્ષણિક સુધારાઓને લગતી પ્રવૃતિને પ્રોત્સાહિત કરવી .સ્વાવલંબી ટકાઉ ટેકનોલોજી વાળો ઉદ્યોગિક વિકાસ કરી ગ્રામ્ય ઉત્થાન કરવું તેમજ વિજ્ઞાન ક્ષેત્રમાં વિશિષ્ટ પ્રદાન કરતી વ્યક્તિઓનું સન્માન કરવું. આ પ્રકારના વિશેષ હેતુસર સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટિવલ ૨૦૨૨ નું આયોજન કરવામાં આવ્યું છે એ વાત પર પ્રકાશ પાડી અને માહિતી આપવામાં આવી હતી.

આ કાર્યક્રમ માં સંસ્થા ના ડાયરેક્ટર શ્રી ધર્મેશ વંડરા અને પ્રિન્સીપાલ ડો.હિતેશ વંડરા દ્વારા વિદ્યાર્થી ઓ અને પ્રાધ્યાપક શ્રી ઓ ને ઉત્સાહિત કર્યા હતા .

## ચાણસ્મા ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચેકિંગ હાથ ધરાયું



પાટણ બ્યુરો સમાચાર)

છેલ્લા કેટલા સમયથી વાહનચાલકો બેફામ રીતે મુસાફરો ભરી તેમજ કાયદાથી ઐસી કી તૈસી કરી રહ્યા છે ત્યારે ચાણસ્મા પોલીસ દ્વારા આવા લોકોને સબક શીખવાડવા આજરોજ હાઈવે ચોકડી ઉપર આવેલ પોલીસ ચોકી પાસે જ ટ્રાફિક નિયમોનું ઉલ્લંઘન કરનાર સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ પાટણ જિલ્લાના ચાણસ્મા તાલુકા પોલીસ ચોકી ચાણસ્મા હાઈવે પર આવેલી હોય તે હાજર પર પોલીસના જવાનો દ્વારા આજરોજ બ્લેક ફિલ્મ વાળી ગાડીઓ, કાગળ વગર ના સાધનો, ગ્રીન ટી વગર ના સાધનો સહિતના જે ગુનાઓ બનતા હોય તેવા લોકોને ઝડપી સબક શિખવાડવામાં આવ્યો હતો.



આજે ભારત ના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી જી માં માતૃશ્રી હીરાબા નો ૧૦૦ માં વર્ષ માં પ્રવેશ..આજે મોદીજી માતૃશ્રી ના જન્મદિને તેમને મળીને અભિનંદન આપીને આશીર્વાદ લેશે.

## અંબિકા કોલોની પાછળ પંચાયતના પીવાના પાણીના ટેક્રર પર પંચાયતના મળતીયાઓનો કબજો



(બનાસકાંઠા સમાચાર)

અંબાજીમાં પીવાના પાણી તકલીફ હોય છે ત્યારે અંબાજી ગ્રામ પંચાયત દ્વારા લોકોને પીવાના પાણીની પડતી તકલીફો ને લઈને અલગ અલગ જગ્યાએ અને અલગ અલગ વિસ્તારોમાં પીવાના પાણી માટે ટેન્ડર પહોંચાડવામાં આવે છે ત્યારે પંચાયતના મળતીઓની મીલીભગતથી તેમના મળતીયાઓ ના ઘરો આગળ જ પીવાના પાણીના ટેક્રર ઉભા રાખીને જ્યારે પીવાનાં પાણીની તકલીફ હોય ત્યારે પીવાના પાણીનું ટેક્રર આવે છે ત્યારે માથા ભારે લોકો દ્વારા પાણીની ટાંકી ભરવામાં આવે ત્યારે અમુક લોકોને પીવાનું પાણી પણ નથી મળતું અને ચોક્કસ થી વાત કરવામાં આવે તો જે અંબિકા કોલોની પાછળનું માથાં ભારે લોકો દ્વારા રસ્તા નું દબાણ પણ એટલું કરીને બેઠા છે કે કોઈ મોટી જાનહાનિ થાય ઈમરજન્સી એમ્બ્યુલન્સ પણ ન આવી શકે અંબાજી ગ્રામ પંચાયત દ્વારા તાત્કાલિક ઘરો આગળ ગેરકાદેસર કરેલાં દબાણો તાત્કાલિક હટાવે શુ અંબાજી ગ્રામ પંચાયત અંબિકા કોલોની પાછળના દબાણો હટાવશે કે પછી તેમના મળતીયાઓ ને છાવરશે તે જોવાનું રહ્યું

### શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખશ્રી જીગીશભાઈ દવેની

## તબિયત નાદુરસ્ત રહે છે તે વાતની જાણ થતાં પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબે તેમના ખબરઅંતર પૂછ્યા



સુરત ના અડાજણ-ગોરાટ વોર્ડ નંબર ૧૦ના પુર્વ કોર્પોરેટર તેમજ શ્રી સમસ્ત ગુજરાત બ્રહ્મસમાજના પૂર્વ પ્રમુખશ્રી જીગીશભાઈ દવે કે જેઓ આંતરડાના કેન્સરની બીમારીનો સામનો કરી રહ્યા છે.

આ સમયે તેમના નિવાસસ્થાને ગુજરાત પ્રદેશ અધ્યક્ષશ્રી સી.આર.પાટીલ સાહેબ, રાજયના ગૃહમંત્રીશ્રી હર્ષભાઈ સંઘવી તેમજ સુરતના સ્ટેન્ડિગ કમિટિના ચેરમેનશ્રી પરેશભાઇ પટેલે મુલાકાત કરી તેમના ખબર અંતર પુછયા તેમજ તમામ મદદની ખાતરી આપી હતી અને ઝડપથી સ્વસ્થ્ય થાય તેવી લાગણી વ્યકત કરી.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK